
સર્વાંગી શિક્ષણ

# શ્રીમદ્ભગવદ્ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો

## ભાગ - 1



પૂરક અભ્યાસપુસ્તક

પૂરક અભ્યાસપુસ્તક

# સર્વાંગી શિક્ષણ

## શ્રીમદ્ભગવદ્ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો

## ભાગ - 1

**प्रतिज्ञापत्रम्**

भारतं मम देशः।
सर्वे भारतीयाः मम भ्रातरः भगिन्यः च सन्ति।
मम मानसे देशस्पृहा अस्ति।
समृद्धिसहितं विविधतापरिपूर्णं तस्य संस्कृतिगौरवम् अनुभवामि।
अहं सदा तत्पात्रं भवितुं यत्नं करिष्यामि।
अहं मम पितरौ आचार्यान् गुरुजनान् च प्रति आदरभावं धारयिष्यामि।
प्रत्येकेन सह शिष्टव्यवहारं करिष्यामि।
अहं मम देशाय देशबान्धवेभ्यः च मम निष्ठाम् अर्पयामि।
तेषां कल्याणे समृद्धौ च एव मम सुखम् अस्ति।

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ અભ્યાસપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય સલાહકાર:**
ડૉ. અમૃતલાલ ભોગાયતા
ડૉ. રવીન્દ્ર ખાંડવાલા

**વિષય કન્વીનર:**
ડૉ. અમી જોશી

**લેખન-સંપાદન:**
શ્રી કલ્પેશ પટેલ, શ્રી હર્ષવી પટેલ, શ્રી છાયા ઉપાધ્યાય, ડૉ. પાર્થ વ્યાસ, ડૉ. કેતનકુમાર ભટ્ટ, શ્રી શંકર જોશી, શ્રી મહેશકુમાર સી. ભટ્ટ

**સમીક્ષા:**
શ્રી જયશંકર રાવલ
ડૉ. નીતિનભાઈ પેથાણી
ડૉ. ક્રિષ્ના દવે
ડૉ. ગોપાલ ઉપાધ્યાય
શ્રી ચંદા કૌરાણી
શ્રી ઋતા પરમાર
શ્રી દિનેશ મજીઠિયા
શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
શ્રી નરેન્દ્રભાઈ પંચોલી

**ભાષાશુદ્ધિ:**
શ્રી સતીશ ગજ્જર

**કોન્સેપ્ટ ઍન્ડ ડિઝાઈન:**
જૉય એન્ટરપ્રાઈઝ વતી,
સંયોજન: શ્રી કેતન કોઠારી
ચિત્રાંકન: શ્રી કાનજી મકવાણા
રંગસજ્જા: શ્રી રાહુલ પરમાર

**નિર્માણ સંયોજન:**
ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક - શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન:**
શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક - ઉત્પાદન)

## પ્રસ્તાવના

NEP-2020 માં શિક્ષણવ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. આ પૈકી એક સિદ્ધાંત વિદ્યાર્થીઓમાં ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાનની પ્રણાલીઓ તેમજ પરંપરા પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી ઉદ્ભવે તેવો પ્રયાસ કરવા પર ભાર મૂકે છે. આ અંતર્ગત રાજ્યની શાળાના વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે હેતુથી પ્રથમ તબક્કે શ્રીમદ્ભગવદ્ગીતાનાં મૂલ્યોને વાર્તાના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો પ્રયત્ન રહેલો છે.

ભાગ - 1માં વિદ્યાર્થીઓ શ્રીમદ્ભગવદ્ગીતાના 1 થી 6 અધ્યાયનો પરિચય મેળવશે. આ તમામ એકમમાં આવતા QR Code માં આ શ્લોકનું ગાન આપવામાં આવેલ છે જે શિક્ષકો અને વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચારણ કરવામાં મદદરૂપ નીવડશે. વિદ્યાર્થીઓ શ્રીમદ્ભગવદ્ગીતાનાં મૂલ્યોને પોતાના જીવન સાથે જોડી શકે અને જ્ઞાનનું સર્જન શક્ય બને તે હેતુથી કેટલીક પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે. આ પ્રવૃત્તિઓ કરતી વખતે વિદ્યાર્થીઓ શ્રીમદ્ભગવદ્ગીતાનાં મૂલ્યોથી સુપરિચિત થશે.

વિદ્યાર્થીઓ શ્રીમદ્ભગવદ્ગીતાનો પરિચય પ્રાપ્ત કરે તે હેતુથી આ શૈક્ષણિક સાહિત્ય જી.સી.ઈ.આર.ટી.ના ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યું છે. શ્રીમદ્ભગવદ્ગીતાના સિદ્ધાંતોને વાર્તાના માધ્યમથી ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની કક્ષાએ પૂરક અભ્યાસપુસ્તક મૂકવાનો આ પ્રથમ પ્રયાસ છે. આ સાહિત્ય પ્રથમ તબક્કે અજમાયશી ધોરણે મૂકવામાં આવે છે. આ પુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પ્રણાલીના સંદર્ભમાં ગીતાનાં મૂલ્યોનો પરિચય મેળવે અને પોતાના જીવન સાથે તેને જોડવાનો પ્રયત્ન કરે એ જ અભ્યર્થના છે. આ પુસ્તક તૈયાર કરવામાં અમને જે સંસ્થાઓ અને વ્યક્તિવિશેષનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તે બધાનો અમે ઋણસ્વીકાર કરીએ છીએ.

આ પૂરક અભ્યાસપુસ્તક શૈક્ષણિક રીતે ગુણવત્તાયુક્ત બને તે માટે પૂરતા પ્રયાસ કર્યા છે તેમ છતાં વધુ ગુણવત્તા માટે સૂચનો સદૈવ આવકાર્ય છે.

**શ્રી વિનયગિરિ ગોસાઈ**
નિયામક
ગુ.રા.શા.પા.પુ. મંડળ
ગાંધીનગર.

**ડૉ. વિનોદ રામચંદ્ર રાવ**
કાર્યવાહક પ્રમુખ
ગુ.રા.શા.પા.પુ. મંડળ
ગાંધીનગર.

તા: 22-12-2023

પ્રથમ આવૃત્તિ: 2023

પ્રકાશક: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી
વિનયગિરિ ગોસાઈ

મુદ્રક:

# મૂળભૂત ફરજો

**ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે.***

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વ ભાવની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્રપુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# શ્રીમદ્ભગવદ્ગીતાના સિદ્ધાંતો અને મૂલ્યો

P5X2Q3

## અનુક્રમણિકા


धर्मक्षेत्रे कुरुक्षेत्रे ........ 1

અંતિમ દીક્ષા ........ 11

આને કહેવાય વિદ્યાર્થી! ........ 23

આપણી પરંપરા ........ 29

સંતુલિત જીવન ........ 37

ચાણક્યની અલિપ્તતા ........ 43

कर्मण्येवाधिकारस्ते ........ 49

સહનશીલતા ........ 58

મોજીલો કાગડો ........ 68

स्थितप्रज्ञः કોને કહેવાય? ........ 74


ॐ असतो मा सद्गमय।
तमसो मा ज्योतिर्गमय।
मृत्योर्मा अमृतं गमय॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥
बृहदारण्यकोपनिषद् ( 1.3.28 )

ॐ सर्वे भवन्तु सुखिनः
सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु
मा कश्चिद् दुःखभाग् भवेत्॥

**1**


# धर्मक्षेत्रे कुरुक्षेत्रे


આ એકમ શ્રીમદ્ભગવદ્ગીતાનો પ્રાથમિક પરિચય કરાવે છે. શ્રીમદ્ભગવદ્ગીતા મહાભારતનો જ એક ભાગ છે. મહાભારતના સર્જક વેદવ્યાસ વિશે પણ અહીં માહિતી આપવામાં આવી છે. કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધની પરિસ્થિતિનું કયા કારણે નિર્માણ થયું તે અંગે જણાવવામાં આવ્યું છે. કુરુક્ષેત્રના મેદાનમાં સ્વજનોને જોઈને અર્જુન યુદ્ધ અંગે મોહગ્રસ્ત થયો, તેથી શ્રીકૃષ્ણે તેને તેનો સ્વધર્મ સમજાવ્યો. તે વાત પણ આ એકમમાં વણી લેવામાં આવી છે. શ્રીમદ્ભગવદ્ગીતાના પ્રથમ શ્લોકના પ્રારંભિક શબ્દો 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે...' છે.


**શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે કે,**


धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय॥ 1.1॥

હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા યુદ્ધ કરવાની
ઇચ્છાવાળા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું?





વેદવ્યાસે કરેલું સર્જન વિશાળ છે અને વળી સમાજને નીતિના માર્ગ તરફ દોરનારું પણ છે. મહર્ષિ વેદવ્યાસે બ્રહ્મસૂત્ર, અઢાર પુરાણ અને મહાભારતની રચના કરી છે. મહાભારત માટે કહેવાયું છે કે, 'यन्न भारते। तन्न भारते।'
शिवपुराणम्
पद्मपुराणम्
गरुडपुराणम्
विष्णुपुराणम्
ब्रह्मसूत्रम्
महाभारतम्


મહાભારતમાં 18 પર્વ અને એક લાખ શ્લોક છે. તેના લહિયા ગણપતિ છે. આ મહાભારતના ભીષ્મપર્વના 18 અધ્યાય અને તેના 700 શ્લોક એ જ 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા'.
महाभारतम्
श्रीमद्
भगवद्
गीता




હસ્તિનાપુરના રાજા શાંતનુ. તેમના અવસાન પછી તેમના પુત્ર વિચિત્રવીર્યને ગાદી મળી. વિચિત્રવીર્યને ત્રણ પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર. વિચિત્રવીર્યના અવસાન પછી પાંડુને રાજગાદી મળી હતી, પણ દુર્ભાગ્યે યુવાવસ્થામાં જ પાંડુરાજાનું મૃત્યુ થયું. તે સમયે તેમના પાંચ પુત્રો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ નાના હતા. તેથી પાંડવો મોટા થાય ત્યાં સુધી રાજ્ય સંભાળવાની જવાબદારી ધૃતરાષ્ટ્રને શિરે આવી. ધૃતરાષ્ટ્રના દુર્યોધન, દુઃશાસન વગેરે મળીને ૧૦૦ પુત્રો કૌરવો કહેવાતા.


વખત જતાં કૌરવો એમ માનવા લાગ્યા કે રાજ્ય પર અમારો જ અધિકાર છે. પરિણામે નાની વયથી જ પાંડવો અને કૌરવો વચ્ચે વૈમનસ્ય ઊભું થયું. પાંડવોનાં કીર્તિ અને કૌશલ્યથી દુર્યોધન ઈર્ષ્યાના અગ્નિમાં બળવા લાગ્યો.





એમાંય ભીમસેન સાથે તો એને જરાય ન બનતું. એક વાર એણે ભીમને ખોરાકમાં વિષ આપીને મારી નાખવાનો પ્રયાસ પણ કરેલો. જોકે સદ્‌ભાગ્યે ભીમસેન બચી ગયો હતો.


એવી જ રીતે દુર્યોધને પોતાના મામા શકુનિની મદદ લઈને પાંડવોને લાક્ષાગૃહમાં જીવતા બાળી મૂકવાનું કાવતરું રચ્યું હતું. જોકે, વિદુરજીની સમયસૂચકતાથી પાંડવો બચી ગયા. પછી પાંડવો ગુપ્તવેશમાં દેશદેશાવર ફરતા રહ્યા.


આ દરમિયાન પાંચાલ દેશની રાજકુમારી દ્રૌપદીને પરણ્યા અને હતા એથી પણ વધારે શક્તિશાળી બનીને હસ્તિનાપુર પાછા ફર્યા. યુધિષ્ઠિરે રાજ્ય પરનો પોતાનો અધિકાર માગ્યો.


ભવિષ્યમાં પરિસ્થિતિ વધારે ન વણસે એમ વિચારીને સૌના દાદા એવા ભીષ્મપિતામહે મધ્યસ્થી કરીને કૌરવ-પાંડવ વચ્ચે અડધું-અડધું રાજ્ય વહેંચી આપ્યું.
પરંતુ કૌરવોમાં સૌથી મોટો દુર્યોધન આ વાતનો સ્વીકાર કરતો ન હતો. તેણે મામા શકુનિ સાથે મળીને પાંડવોને છળથી બાર વર્ષ વનવાસમાં મોકલ્યા.
વનવાસ પૂર્ણ કરીને આવ્યા પછી પાંડવોએ રાજ્ય પરનો પોતાનો અધિકાર માગ્યો તો દુર્યોધને કહી દીધું કે,
હું પાંડવોને સોયની અણી જેટલી જમીન પણ આપીશ નહિ!
શ્રીકૃષ્ણ, ભીષ્મ, વિદુર આદિ સુજ્ઞ લોકોએ કૌરવોને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ તે ન માન્યા તે ન જ માન્યા. પરિણામે યુદ્ધ આવીને ઊભું રહ્યું.



મહામુનિ વેદવ્યાસે યુદ્ધ ટાળવા પ્રયાસ કરી જોયો. તેઓ રાજા ધૃતરાષ્ટ્રને મળ્યા. યુદ્ધથી વિનાશ થાય છે એમ સમજાવ્યું, પરંતુ ધૃતરાષ્ટ્ર પુત્રમોહ ત્યજી ન શક્યા.


મહામુનિ વેદવ્યાસે ધૃતરાષ્ટ્રના સારથિ સંજયને દિવ્યદૃષ્ટિ આપી. જેનાથી તે હસ્તિનાપુરમાં રહીને કુરુક્ષેત્રનું યુદ્ધ નિહાળી શકે અને ધૃતરાષ્ટ્રને યુદ્ધની માહિતી આપી શકે.



યુદ્ધ સમયે ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું:
धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय॥ 1.1॥
ભાવાનુવાદ: હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા યુદ્ધ કરવાની ઈચ્છાવાળા મારા તેમજ પાંડુના પુત્રોએ શું કર્યું?


સંજયે દિવ્યદૃષ્ટિથી જોઈને કહ્યું: મહારાજ! કુરુક્ષેત્રમાં કૌરવો અને પાંડવોની સેનાઓ સામસામે આવીને ઊભી. અર્જુનના મિત્ર અને માર્ગદર્શક એવા વાસુદેવ તેના રથના સારથિ બન્યા. અર્જુનનો રથ બંને સેના વચ્ચે આવીને ઊભો રહ્યો.



હે અર્જુન! અહીં એકત્રિત થયેલા આ બધા કુરુઓને જો.
રાજ્યના લોભ માટે મારાથી આ સ્વજનોની હત્યા કેવી રીતે થાય?
સામે પોતાના દાદા ભીષ્મ, ગુરુ દ્રોણ, પિતરાઈ ભાઈઓ અને તેમના પુત્રોને જોઈને અર્જુનની આંખો ભરાઈ આવી. તે મનથી ભાંગી પડ્યો.



અર્જુનના હાથમાંથી તેનું ગાંડીવ ધનુષ્ય સરી પડ્યું. તેને શરીરે પરસેવો વળવા લાગ્યો. તેનું મોં સુકાવા લાગ્યું. તેણે શસ્ત્રો હેઠાં મૂકી દીધાં અને કહ્યું: કેશવ, મારે સ્વજનોને હણીને રાજ્ય જોઈતું નથી! હું નહીં લડું!
न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च। किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा॥ 1.32 ॥
હે કૃષ્ણ! હું ન તો વિજય ઈચ્છું છું કે ન તો રાજ્ય, કે સુખ પણ નહિ, હે ગોવિંદ! અમારે આવા રાજ્યનું શું પ્રયોજન અથવા આવા ભોગો અને જીવનથી પણ અમને શો લાભ?

શ્રીકૃષ્ણ મનથી ભાંગી પડેલા અર્જુનની સામે જોઈ રહ્યા. તેમણે અર્જુનને બોધ આપતાં કહ્યું કે,
તારો ધર્મ ન્યાય અને સત્ય માટે લડવાનો છે. કૌરવો અધર્મી અને અન્યાયી છે. જો તું યુદ્ધમાંથી પલાયન કરીશ અથવા તો યુદ્ધ નહિ કરે તો તારી અપકીર્તિ થશે! સમાજ તારો ઉપહાસ કરશે. માટે તારે પોતાનો ધર્મ સમજીને યુદ્ધ કરવું જોઈએ.
શ્રીકૃષ્ણે અર્જુનના બધા જ પ્રશ્નોનું સમાધાન કર્યું. અર્જુનના સઘળા સંશયો શમી ગયા.


શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને જે બોધ આપવામાં આવ્યો તે બોધ કુલ 18 અધ્યાયના 700 શ્લોકોમાં સમાયેલો છે, જે 'શ્રીમદ્ભગવદ્ગીતા' તરીકે ઓળખાય છે. શ્રીમદ્ભગવદ્ગીતા માટે કહેવાયું છેઃ
सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्॥
સર્વે ઉપનિષદ ગાયો છે. ગોપાલનંદન (શ્રીકૃષ્ણ) (તેના) દોહનારા છે. અર્જુન વાછરડો છે. ગીતામૃતરૂપી શ્રેષ્ઠ દૂધ છે અને બુદ્ધિશાળી (મનુષ્યો) તેના ભોક્તા (પીનારા) છે.
गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता॥
જે સ્વયં પદ્મનાભ વિષ્ણુના મુખકમળમાંથી નીકળી છે એ ગીતાનાં મૂલ્યોને જીવનમાં સ્થાન આપવું જોઈએ. અન્ય શાસ્ત્રોમાં જે જ્ઞાનનો વિસ્તાર છે તે બધું જ અહીં સાર રૂપે મળી રહે છે.

### શ્લોક

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय॥ 1.1॥

**ભાવાનુવાદ :** હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા યુદ્ધ કરવાની ઈચ્છાવાળા મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું?

**શબ્દાર્થ :** **सञ्जय** હે સંજય! **धर्मक्षेत्रे** ધર્મભૂમિમાં **कुरुक्षेत्रे** કુરુક્ષેત્રમાં **समवेताः** એકઠા થયેલા **युयुत्सवः** યુદ્ધ કરવાની ઈચ્છાવાળા **मामकाः** મારા **च एव** અને **पाण्डवाः** પાંડુના પુત્રોએ **किम्** શું **अकुर्वत** કર્યું?

### શ્લોક

न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च।
किं नो राज्येन गोविन्द किं भोगैर्जीवितेन वा॥ 1.32॥

**ભાવાનુવાદ :** હે કૃષ્ણ! હું વિજય ઈચ્છતો નથી. રાજ્ય અને સુખો પણ ઈચ્છતો નથી; કેમ કે ગોવિન્દ! અમને સગાં વગરના રાજ્ય વડે શું સુખ થવાનું છે? અથવા ભોગો વડે કે જીવન વડે પણ શું સુખ મળશે?

**શબ્દાર્થ :** **कृष्ण!** હે કૃષ્ણ! (હું) **विजयम्** વિજયને **न काङ्क्षे** ઈચ્છતો નથી **राज्यम्** રાજ્ય **च** અને **सुखानि** સુખોને **न काङ्क्षे** ઈચ્છતો નથી (કેમ કે) **गोविन्द** ગોવિન્દ! **नः** અમને **राज्येन** રાજ્ય વડે **किम्** શું (સુખ થવાનું છે?) **वा** અથવા **भोगैः** ભોગો વડે **जीवितेन** જીવન વડે **किम्** શું?

### પ્રવૃત્તિ

1. તમને ગભરાટ ક્યારે થાય છે? એની પરસ્પર ચર્ચા કરો.
2. તમે મૂંઝવણની પરિસ્થિતિમાં કોની સલાહ મેળવો છો? તમારા મિત્રને જણાવો.
3. કૌરવ-પાંડવોના બાળપણના પ્રસંગો મેળવીને વાંચો અને તમને સૌથી વધુ ગમ્યો હોય તેવા પ્રસંગનું નાટક વર્ગમાં ભજવો.
4. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના બધા અધ્યાયોનાં નામ લખો.
5. ઈન્ટરનેટના માધ્યમથી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોકનું સંગીતમય ગાન શોધી તેનું શ્રવણ કરો.
6. ઘરના વડીલો પાસેથી મહાભારતની કથા સાંભળો.

2

# અંતિમ દીક્ષા

X5G9M8


જે મનુષ્યની ઇન્દ્રિયો વશમાં છે અને જે પ્રભુપરાયણ છે તેની બુદ્ધિ પણ સ્થિર થાય છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં ઘણા શ્લોકોમાં ઇન્દ્રિયોને નિયંત્રિત કરવાની વાત થઈ છે. ઉપમન્યુનો ભૂખ પર જરા પણ સંયમ નહોતો. એટલે જ ગુરુ તેને અંતિમ દીક્ષા આપતા નહોતા. વ્યક્તિ પાસે ગમે તેટલું જ્ઞાન હોય, પણ પોતાની ઇન્દ્રિયો પર કાબૂ નહિ હોય તો એ જ્ઞાન પણ એને માટે ઉપયોગનું ન રહે એમ બને. અહીં ગુરુ જે કુશળતાથી ઉપમન્યુને સંયમનો પાઠ શીખવે છે તે રસપ્રદ છે. અહીં શિષ્યના ધૈર્યની સાથે ગુરુના ધૈર્યની પણ કસોટી છે.


**શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે કે,**

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥ 6.35॥

હે મહાબાહુ! મન ચંચળ છે અને વશ કરવું મુશ્કેલ છે એમાં સંશય નથી.
પરંતુ હે અર્જુન! અભ્યાસ વડે અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.





ઉપમન્યુ! આજે ગાયો ચરાવવા વનમાં તારે જવાનું છે. મોડું ન કરતો.
ભલે ગુરુજી!
ત્યાં વનમાં ખાઈશ શું?
ઉપમન્યુએ સ્નાન કરીને ભિક્ષા લાવીને જતાં પહેલાં જ નિરાંતે જમી લીધું.
પછી ઉપમન્યુ ગાયો ચરાવવા જંગલ તરફ ઊપડ્યો.
ઉપમન્યુ ગાયો ચરાવીને સાંજે પાછો આવ્યો ને ગુરુની સામે હાથ જોડીને ઊભો રહ્યો.
ઉપમન્યુ, જઈ આવ્યો? આજે તેં ખાવાનું શું કર્યું?
હું વહેલો પરવારીને, ભિક્ષા માગી લાવીને જમીને જ ગયો હતો
ઉપમન્યુ, ગુરુને જણાવ્યા વગર જે ભિક્ષા ખાય છે તે અપવિત્ર અન્ન ખાય છે. કાલે સવારે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.



ઉપમન્યુ સવારે વહેલાં ભિક્ષા લઈ આવ્યો ને ગુરુને ચરણે મૂકી. ગુરુએ તે બધી ભિક્ષા પોતાની પાસે રાખી લીધી.
ઉપમન્યુ બીજી વાર ગામમાં ગયો ને ભિક્ષા લઈ આવ્યો. પછી નિરાંતે જમી, ગાયોને હાંકતો વન તરફ ઊપડ્યો.
ઉપમન્યુ સાંજે પાછો આવીને ગુરુ સામે ઊભો રહ્યો.
વત્સ, આવી ગયો? આજે ખાવાનું શું કર્યું?
ગુરુજી, આજે બીજી વાર ભિક્ષા લઈ આવ્યો અને જમ્યો.
ઉપમન્યુ, તેં આ ઠીક ન કર્યું. શિષ્યથી દિવસમાં એક જ વાર ભિક્ષા લવાય. કાલે પણ તારે જ ગાયો ચરાવવા જવાનું છે.


ઉપમન્યુ ગામમાં જઈને ભિક્ષા લઈ આવ્યો. બધી ભિક્ષા ગુરુને ચરણે ધરી અને કંઈ ખાધા વગર તે ગાયો લઈ વનમાં ગયો.



ગાઢ વન. ગાયો શીળી છાયામાં બેઠી બેઠી વાગોળે છે. ઉપમન્યુ વૃક્ષ પર ચડીને સૂતો છે. તે ઘડીક ગીત ગાય છે, તો વળી પક્ષીઓને બોલાવે છે. ઘડીક વાંસળી વગાડે છે.
પરંતુ પેલી ભૂખ! તે તો વારે વારે સામે આવે છે. એમ કરતાં કરતાં સાંજ પડી.
આ ભૂખ વેઠ્યે શો લાભ? આ ગાયોનું દૂધ પી લઉં તો? તેમાં કાંઈ ગુરુની આજ્ઞાનો ભંગ નથી.
ઉપમન્યુ વૃક્ષ પરથી નીચે ઊતર્યો. તેણે ગાયોનું દૂધ પીને ભૂખ શમાવી.


સાંજ પડી. ઉપમન્યુ ગુરુ પાસે આવ્યો.
વત્સ, આજે શેનાથી પેટ ભર્યું?
ગાયોના દૂધથી.


ઉપમન્યુ, એ દૂધ તો વાછરડાં માટે તથા યજ્ઞના હોમ માટે છે. કાલે પણ ગાયો સાથે તારે જ જવાનું છે.



સવારે ગાયો આગળ અને ઉપમન્યુ પાછળ. ચાલ્યાં વનમાં.
ગુરુ, મારી પરીક્ષા કરવા ઇચ્છે છે. આજે કાંઈ જ ખાવું નથી. એક દિવસ ન ખાઈએ તો શો ફેર પડે?


પરંતુ ગાયોને ઘાસ ચરતી જોઈને ફરી તેની ભૂખ જાગી. તેણે એક વાછરડાને તેની માને ધાવતાં જોયું. વાછરડું ધાવે એટલે તેના મોંએ ફીણ વળે. આઠ-દસ વાછરડાંનાં મોંએ વળતાં ફીણથી તેણે પોતાની ભૂખ સંતોષી.



ઉપમન્યુ સાંજે ગાયોને લઈને આશ્રમે આવ્યો.
આજે તો દૂધ નથી પીધું ને?
ના, દૂધ નથી પીધું. માત્ર ધાવતાં વાછરડાંનાં મોંએ વળતાં ફીણ ખાધાં છે.
ઉપમન્યુ, એ પણ આપણાથી ન લેવાય. સત્ત્વ તો બધું તેમાં જ હોય છે. કાલે પણ તું જ ગાયો સાથે જજે.
વનમાં પાંચમો દિવસ. ઉપમન્યુ વૃક્ષ પર ઘડીક સૂએ ને ઘડીક મંત્રો બોલે.
ઉપમન્યુ કંઈ પણ જમ્યા વગર સાંજે પાછો ફરી રહ્યો હતો.
આજે મેં ભૂખ ઉપર વિજય મેળવ્યો.


બરાબર તે સમયે આકડાનાં પાન દેખાયાં. મન ફરી ડગ્યું. આખો દિવસ ભૂખ વેઠ્યા બાદ તેનાથી ન રહેવાયું...
તેણે આકડાનાં પાન ખાઈને પોતાની ભૂખ શમાવવાનો પ્રયાસ કર્યો.
આકડાનાં પાન ખાવાને કારણે થોડી વાર પછી ઉપમન્યુની આંખો સામે અચાનક અંધકાર છવાઈ ગયો અને દેખાવાનું બંધ થઈ ગયું.
ગાયોની ખરીઓના અવાજની દિશામાં તેણે ચાલવા માંડ્યું.
તે આમતેમ ભટકતો એક મોટા ભાડિયા કૂવામાં જઈને પડ્યો.


આશ્રમમાં હોમ-વેળા થઈ. ઉપમન્યુ ન આવ્યો. તેથી ધૌમ્ય ઋષિ કેટલાક શિષ્યોને લઈને ઉપમન્યુને શોધવા નીકળ્યા.
ઉપમન્યુ, બેટા, ઉપમન્યુ!
ગુરુજી, ગુરુજી, હું તો અહીં છું. ભાડિયા કૂવામાં.
ગુરુ અને શિષ્યો કૂવા પાસે આવ્યા.
ઉપમન્યુ, તું કેમ કરતાં અંદર પડ્યો?
મારા વાંકે ગુરુજી! હું અંધ થયો છું.
અરેરે..! અંધ? કેવી રીતે?
હું જ મારી ભૂખ પર કાબૂ ન મેળવી શક્યો.
ઉપમન્યુએ જે બન્યું હતું તે કહ્યું ને ગુરુની ક્ષમા માગી.
વત્સ, મૂંઝાઈશ નહિ. તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોનું સ્મરણ કર. તેઓ તારી આંખો સાજી કરશે.
ઉપમન્યુએ અશ્વિનીકુમારોનું સ્મરણ કર્યું. કુમારો તરત જ ઉપસ્થિત થયા. તેમણે આંખો સાજી કરવા ઉપમન્યુને એક ઔષધી આપતાં કહ્યું:
આ ઔષધી લેવાથી તું દેખતો થઈ જઈશ.


જોઈ શકાય તો ઠીક, ન તો કંઈ નહિ.
ગુરુની આજ્ઞા વગર મોંમાં કંઈ જ નહિ મૂકું.


ગુરુ ધૌમ્યએ તરત આજ્ઞા આપી ને ઉપમન્યુએ ઔષધી લીધી. થોડી વારમાં તેને બધું દેખાવા લાગ્યું.


ઉપમન્યુ કૂવામાંથી બહાર આવ્યો. ગુરુ-શિષ્ય ભેટ્યા! ગુરુએ ઉપમન્યુને વહાલથી કહ્યું, 'પુત્ર ઉપમન્યુ, આજે તને અંતિમ દીક્ષા મળી!' અને ઉપમન્યુ દીક્ષિત થયો.

### શ્લોક

अससंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते॥ 6.35॥

**ભાવાનુવાદ :** હે મહાબાહુ! મન ચંચળ છે અને વશ કરવું મુશ્કેલ છે. એમાં સંશય નથી. પરંતુ હે અર્જુન! અભ્યાસ વડે અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.

**શબ્દાર્થ :** **महाबाहो** હે મહાબાહુ! (મોટી ભુજાવાળા!) **मनः** (આ) મન **चलम्** ચંચળ **दुर्निग्रहम्** વશ કરવું મુશ્કેલ **असंशयम्** (એમાં) સંશય નથી **तु** પરંતુ **कौन्तेय** હે અર્જુન! (કુંતીના પુત્ર!) **अभ्यासेन** અભ્યાસ વડે **च** અને **वैराग्येण** વૈરાગ્ય વડે **गृह्यते** (તે) વશ કરાય છે

### શ્લોક

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ 2.61॥

**ભાવાનુવાદ :** તે સઘળી(ઇન્દ્રિયો)ને વશ કરીને ચિત્તને સ્થિર કરી પ્રભુપરાયણ થા, કેમ કે જેની ઇન્દ્રિયો વશમાં હોય છે તેની (જ) બુદ્ધિ સ્થિર (થાય છે).

**શબ્દાર્થ :** **तानि** તે **सर्वाणि** સઘળી(ઇન્દ્રિયો)ને **संयम्य** વશ કરીને **युक्तः** ચિત્તને સ્થિર કરીને **मत्परः** પ્રભુપરાયણ **आसीत** થા **हि** કેમ કે **इन्द्रियाणि** ઇન્દ્રિયો **यस्य** જેની **वशे** વશમાં હોય છે **तस्य** તેની (જ) **प्रज्ञा** બુદ્ધિ **प्रतिष्ठिता** સ્થિર (થાય છે)

### શ્લોક

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥ 4.34॥

**ભાવાનુવાદ :** તે (જ્ઞાન)ને દંડવત્ પ્રણામ દ્વારા, સેવા વડે તેમજ વિવિધ પ્રશ્નો દ્વારા જાણ. તત્ત્વને જાણનારા જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ આપશે.

**શબ્દાર્થ :** **तत्** તે (જ્ઞાનનો) **प्रणिपातेन** દંડવત્ પ્રણામ દ્વારા **सेवया** સેવા વડે **परिप्रश्नेन** વિવિધ પ્રશ્નો દ્વારા **विद्धि** જાણ **तत्त्वदर्शिनः** તત્ત્વને જાણનારા **ज्ञानिनः** જ્ઞાનીઓ **ते** તને **ज्ञानम्** જ્ઞાનનો **उपदेक्ष्यन्ति** ઉપદેશ કરશે

## શ્લોક

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ 6.5 ॥

**ભાવાનુવાદ :** મનુષ્યે વિવેકયુક્ત મન વડે જીવાત્માનો ઉદ્ધાર કરવો જોઈએ. જીવાત્માને અજ્ઞાનથી અધોગતિમાં ન લઈ જવો જોઈએ. કેમ કે આ જ્ઞાનયુક્ત મન જ જીવાત્માનો મિત્ર છે અને જ્ઞાનરહિત મન જ જીવાત્માનો શત્રુ છે.

**શબ્દાર્થ :** **आत्मना** વિવેકયુક્ત મન વડે **आत्मानम्** જીવાત્માને **उद्धरेत्** ઉદ્ધાર કરવો જોઈએ **आत्मानम्** જીવાત્માને **न अवसादयेत्** અધોગતિમાં ન લઈ જવો જોઈએ **हि** કેમ કે(આ) **आत्मा** જ્ઞાનયુક્ત મન **एव** જ **आत्मनः** જીવાત્માનો **बन्धुः** મિત્ર છે (અને) **आत्मा एव** જ્ઞાનરહિત મન જ **आत्मनः** જીવાત્માનો **रिपुः** શત્રુ છે

## પ્રવૃત્તિ

1. ઉપવાસ ક્યારે ક્યારે કરવામાં આવે છે તેની યાદી બનાવો અને તમે ક્યારે ઉપવાસ કરો છો એની ચર્ચા મિત્રો સાથે કરો.
2. નીચેનાં કામ કરી જુઓ અને શું પરિણામ મળે તે નોંધોઃ

| કામ | શું પરિણામ મળ્યું? |
|---|---|
| વાર્તા વાંચવી. | |
| ધારેલી જગ્યાએ દડો ફેંકવો. | |
| એક ચિત્ર દોરવું. | |
| એક કવિતા વાંચવી. | |
| બે પથ્થરો ઘસવા. | |
| દાખલો ગણવો. | |

3. રોજ 30 મિનિટ શાળામાં કરવામાં આવતાં યોગ, પ્રાણાયામ અને આસનો ઘરના સભ્યો સાથે કરો.
4. પદ્માસનમાં બેસો. ઊંડો શ્વાસ લો (પૂરક). તે શ્વાસ તમે કેટલો સમય રોકી શકો (કુંભક) તેની નોંધ કરો. શ્વાસ રોકવાની ક્ષમતામાં આવેલા ફેરફાર વિશે મિત્રો સાથે ચર્ચા કરો.
5. ગુરુ અને શિષ્યના આ પ્રકારના સંબંધો વિશેની અન્ય વાર્તાઓ મેળવીને વાંચો.

6. ભૂખ લાગે ત્યારે શરીરને શું શું થાય? મનમાં કયા કયા વિચાર આવે છે? તે લખો.
7. તમારા વડીલો કયા કયા વ્રત કે ઉપવાસ કરે છે? દરેક ઉપવાસ સરખા હોય છે કે જુદા જુદા? તે લખો.
8. તમને બહુ ભાવતી વાનગી તમારી સામે મૂકી હોય, પણ તે દિવસે તમારે ઉપવાસ હોય તો તમે શું કરો? વર્ગમાં એ વ્યક્ત કરો.
9. એકાદશી, એકાસણાં, અઠ્ઠાઈ, રોજા - આવા ઉપવાસ ક્યારે અને કેમ રાખવામાં આવે છે, તેની વિગત તમારા વડીલો પાસેથી જાણો.

| 3 | # આને કહેવાય વિદ્યાર્થી! |
|---|---|

T1Y6B8

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો મહિમા ગવાયો છે. એવો જ મહિમા શ્રદ્ધા અને સંયમનો પણ છે. જે વ્યક્તિ પોતાના તન અને મન પર નિયંત્રણ રાખી શકે છે તે વ્યક્તિ આત્મશ્રદ્ધા દ્વારા જ્ઞાનને પ્રાપ્ત કરીને પરમ શાંતિને પામે છે. ધૌમ્ય ઋષિ પોતાના શિષ્ય આરુણિને ચોમાસાની ઋતુમાં ડાંગરના ખેતરની પાળ બાંધવા મોકલે છે. ગુરુની આજ્ઞા શિરોધાર્ય ગણીને મુશળધાર વરસાદમાં પાળને તૂટતી બચાવવા પોતે સૂઈ જઈને તે ખેતરનું રક્ષણ કરે છે. આ જ આરુણિ સમય જતાં 'ઉદ્દાલક' નામે મહાન ઋષિ બન્યા. ગુરુભક્ત શિષ્યની આ વાર્તા અત્યંત પ્રેરક છે.


**શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે,**

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥ 4.39॥


ઇન્દ્રિયોને સંયમમાં રાખનારો તત્પર શ્રદ્ધાવાન (મનુષ્ય) જ્ઞાનને
પામે છે. જ્ઞાનને પામીને તે તરત જ પરમ શાંતિને પામે છે.

સદીઓ પહેલાંની આ વાત છે. ત્યારે વિદ્યાર્થીઓ ગુરુના આશ્રમમાં રહીને ભણતા. ગુરુનો આશ્રમ તપોવન કહેવાતો.




આશ્રમમાં આરુણિ નામનો એક વિદ્યાર્થી ભણે. તે ખૂબ જ એકાગ્ર ચિત્તે ભણતો. ગુરુની આજ્ઞા તેના માટે સર્વસ્વ!
આરુણિ સૌ છાત્રોની સાથે બેસીને આશ્રમના રસોડે જમતો.
એક વખતની આ વાત છે. ચોમાસાનો સમય હતો.


વરસાદ શરૂ થતાં ધૌમ્ય ઋષિએ આરુણિને આદેશ આપ્યો.
વત્સ, ખેતરની પાળ બાંધવી જોઈએ.
ગુરુમાં શ્રદ્ધાવાન આરુણિ તરત તૈયાર થયો અને તે ખેતરની દિશામાં ચાલવા લાગ્યો.
રાતનો સમય હતો. આરુણિ પાળ બાંધવા લાગ્યો. થોડી વારમાં જ વધુ વરસાદ ચાલુ થયો. પાણીનો પ્રવાહ એટલો ધસમસતો હતો કે, નાખેલી માટી તરત જ ધોવાઈ જતી હતી.
બીજો કોઈ રસ્તો ન સૂઝ્યો એટલે તેણે એક યુક્તિ કામે લગાડી. પોતે તે તૂટેલી પાળ પર સૂઈ ગયો.


આશ્રમમાં ગુરુજીને આરુણિની ચિંતા થવા લાગી. ગુરુજી બે-ત્રણ શિષ્યોને લઈને આરુણિને શોધવા નીકળી પડ્યા.
આરુણિ! પુત્ર, આરુણિ! તું ક્યાં છે?
ખેતરની પાળ બનીને સૂતેલો આરુણિ ગુરુનો અવાજ સાંભળીને તરત જ ઊભો થતાં બોલ્યોઃ
ગુરુજી! હું અહીં છું!
આરુણિ! મારી આજ્ઞાનું પાલન કરવા તેં જાતની પણ ચિંતા ન કરી. તારું કલ્યાણ થાઓ! હવેથી તું 'ઉદ્દાલક' નામે ઓળખાઈશ.
સમય જતાં 'ઉદ્દાલક' મહાન ઋષિ બન્યા.

## શ્લોક

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥ 4.39॥

**ભાવાનુવાદ :** ઇન્દ્રિયોને સંયમમાં રાખનારો તત્પર શ્રદ્ધાવાન (મનુષ્ય) જ્ઞાનને પામે છે. જ્ઞાનને પામીને તે તરત જ પરમ શાંતિને પામે છે.

**શબ્દાર્થ :** **संयतेन्द्रियः** ઇન્દ્રિયોને સંયમમાં રાખનારો **तत्परः** તત્પર (જ્ઞાન-સાધનાપરાયણ) **श्रद्धावान्** શ્રદ્ધાવાળો (મનુષ્ય) **लभते** પામે છે **ज्ञानम्** જ્ઞાનને **लब्ध्वा** પામીને (તે) **अचिरेण** તરત જ **पराम्** પરમ **शान्तिम्** શાંતિને (મોક્ષને) **अधिगच्छति** પામે છે

## શ્લોક

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः॥ 4.40॥

**ભાવાનુવાદ :** અજ્ઞાની તથા અશ્રદ્ધાળુ અને વિશેષ કરીને વહેમી મનુષ્ય કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ થાય છે. તેમાં પણ સંશયયુક્ત મનુષ્યનો આ લોક સુધરતો નથી. પરલોક પણ સુધરતો નથી અને તેને સુખરૂપ મોક્ષ પણ મળતો નથી.

**શબ્દાર્થ :** **अज्ञः** અજ્ઞાની **च** તથા **अश्रद्दधानः** અશ્રદ્ધાળુ **च** અને (વિશેષ કરીને) **संशयात्मा** વહેમી (મનુષ્ય) **विनश्यति** (કલ્યાણમાર્ગથી) ભ્રષ્ટ થાય છે (તેમાં પણ) **संशयात्मनः** સંશયયુક્ત મનુષ્યનો **अयम् लोकः** આ લોક (આ લોક સુધરતો નથી) **परः न अस्ति** પરલોક નથી (પરલોક પણ સુધરતો નથી) અને **सुखं न** સુખ (સુખરૂપ મોક્ષ પણ મળતો) નથી

## પ્રવૃત્તિ

1. 'આદર્શ વિદ્યાર્થી' વિષય પર ચર્ચાસભાનું આયોજન કરો.
2. તમારી શાળાસંસદમાં નક્કી થયેલી ટુકડીનાં કાર્યોનું લેખિત આયોજન તૈયાર કરી તેના અમલ માટે શું શું કરવું જોઈએ તેની નિયમાવલિ તૈયાર કરો.
3. નચિકેતાની વાર્તા મેળવીને વાંચો અને વર્ગમાં ભજવો.
4. ગુરુકુળમાં ગાય દોહન, ખેતીકામ, લાકડાં વીણવાં જેવાં કામ શા માટે કરાવતા હશે? એક કરતાં વધારે વિકલ્પ પસંદ કરી શકો.
   - □ વિદ્યાર્થીના શરીરના વિકાસ માટે શારીરિક કામ જરૂરી છે.

- ☐ કોઈ કામ ચડિયાતું કે ઊતરતું નથી, તે સમજવા માટે.
- ☐ કામ વહેંચીને કરવાથી દરેકના ભાગે કામ ઓછું આવે તેથી.

5. અત્યારે ગુરુકુળ હોય તો તેમાં કયા કયા કામ કરવાનાં થાય?
   એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરો.
   - ☐ સ્વચ્છતા
   - ☐ લાકડાં વીણવા
   - ☐ રસોઈ
   - ☐ ઉદ્યાનની સંભાળ
6. આરુણિને વરસતા વરસાદમાં પલળવાથી ઠંડી નહિ લાગી હોય? ગુરુજીએ આરુણિને આશ્રમે લઈ ગયા પછી તરત શું કર્યું હશે?
   - ☐ તેના શરીરે ધાબળો વીંટાળી દીધો હશે.
   - ☐ તેના પગનાં તળિયાં ઘસ્યાં હશે.
   - ☐ તેને ગરમાગરમ રાબ પીવડાવી હશે.
   - ☐ તેને ભીને કપડે સૂવા મોકલી દીધો હશે.
7. આરુણિનાં માતા-પિતાને આ વાતની જાણ થતાં.....
   - ☐ તેમણે ગુરુ સાથે ઝઘડો કર્યો હશે.
   - ☐ આરુણિને ગુરુકુળમાંથી ઉઠાવી લઈ ઘરે ગયાં હશે.
   - ☐ તે આરુણિ પર રાજી થયાં હશે.
   - ☐ તેમણે ગુરુજીનો આભાર માન્યો હશે.
8. તમને શિક્ષક કે માતા-પિતા કે બીજા કોઈએ કોઈ કામ સોંપ્યું, પણ તે પૂરું કરવામાં મુશ્કેલી આવી. આ સમયે તમે તેમાંથી કઈ રીતે રસ્તો કાઢ્યો? તમારી કે તમે જાણતા હો તેવી કોઈ વાત કહો.

4

# આપણી પરંપરા

H9Y3T1


આ વિશ્વમાં અનેક લોકો વસે છે. તે પૈકીના કેટલાક લોકો એવા છે કે તેમનાં વાણી, વિચાર, વર્તન અને વ્યવહાર મુજબ અન્ય લોકો તેમને અનુસરતા હોય છે. આવા શ્રેષ્ઠ લોકો જે જે કાર્ય કરે છે તેને જ લોકો સાચું કે યોગ્ય ગણીને એમને અનુસરે છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં આ ચિંતન સુંદર રીતે મૂકવામાં આવ્યું છે. કોઈ મહાન વ્યક્તિ કે ઘરના વડીલ જે કોઈ શ્રેષ્ઠ અને સંસ્કારભર્યું આચરણ કરે છે તે એક પરંપરા બની રહે છે, તેને સમાજના બાકીના લોકો પણ અનુસરે છે. આ એકમમાં ભારતીય પરંપરાના વાહક વિનોબાજીને અનુસરતા દાદાજી અને દાદાજીને અનુસરનારાં પૌત્ર-પૌત્રીની વાત છે.

**શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે,**

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥ 3.21॥


શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, અન્ય મનુષ્ય તે તે જ આચરણ કરે છે.
તે જે પ્રમાણિત કરે છે (સાચું ઠરાવે છે) લોકો તેને અનુસરે છે.





તેમનાં દાદા-દાદી ગામડે ખેતરોની વચ્ચે રહેતાં.


ઉનાળાની રજાઓ પડી અને અવની-અમર માતા-પિતા સાથે ગામડે જવા ઊપડ્યાં.
ખેતરમાં દેશી આંબા હતા. તેની કેરી પકવવા માટે ઘાસમાં મૂકેલી હતી. તેમની સુગંધથી અવની-અમર ખુશ ખુશ થઈ ગયાં.


એ તો ખેતરે જઈને ચડ્યાં આંબાની ડાળે. આંબે બેસીને દેશી કેરીઓ ચૂસવાની ભાઈ-બહેનને મજા પડી ગઈ. તેમણે જોયું કે નીચેની ડાળીઓ પરની કેરીઓ ઉતારી લેવાયેલી, પણ છેક ઉપરની મોટી ડાળ પર તો કેરીઓ ઝૂલતી હતી.
ઉપરની ડાળ પર લટકતી કેરીઓ જોઈ અવનીને પ્રશ્ન થયો.
આ ઉપરની ડાળીની કેરી કેમ નહિ ઉતારી હોય?
એ તો દાદા જ જાણે! ચાલ જઈને પૂછીએ.
દાદા ખુરશીમાં બેસી વિનોબા ભાવેનું પુસ્તક વાંચી રહ્યા હતા.
દાદા, પેલા આંબાની ઉપરની ડાળે તો પકવવા મુકાય એવી કેટલી બધી કેરીઓ છે!
હા, ધ્યાનથી જો, બધા આંબા પર એમ જ છે!



આટલી બધી કેરીઓ કેમ ઉતારી નહિ દાદા?
છેક ઉપરની ડાળીઓ પરથી કેરીઓ ઉતારવી નહિ એવી આપણી પરંપરા છે.
અમર અને અવની દાદા સામે વિસ્મયથી જોઈ રહ્યાં.
અડધી-પડધી કેરીઓને તો પક્ષીઓ ખાઈ ગયાં.
બસ, એટલા જ માટે. આપણને કેરી ભાવે એમ પોપટ, કોયલ, કાબરનેય ભાવે જ ને!
જુઓ, આ વિશે વિનોબાજી શું કહે છે.
દાદા....! વિનોબાજી.... એ કોણ?
વિનોબાજીને આધુનિક યુગના ઋષિ કહી શકાય. આઝાદીના સમયગાળા દરમિયાન દેશવાસીઓને માર્ગદર્શન આપવામાં તેમનો મોટો ફાળો.


વિનોબાજી કહે છે:
જ્યાં સુધી હું તુલસીને પાણી ન પાઉં, ત્યાં સુધી મારી મા મને ખાવા નહોતી આપતી.
ઝાડ-પાનની સેવા કર્યા વિના ખાવું નહિ. બાળપણથી જ આ સંસ્કાર મને મા તરફથી મળ્યા!


ભોજન કરતાં પહેલાં તુલસીના છોડને પાણી પાવું, ગાય ને કૂતરાં માટે કંઈક અલગ રાખવું, એ ભારતીય સંસ્કૃતિની કંઈક આપવાની વાત છે. માણસ એકલો નથી, આ વૃક્ષ-વનસ્પતિ છે, પશુ-પંખી છે, એ બધાંનોય આપણે જે ખાઈએ-પીએ છીએ, તેમાં કંઈક ને કંઈક ભાગ છે. આવી ભાવના ભારતીય સંસ્કૃતિમાં છે.


વિનોબાજી એક દિવસ સવારે ચાલવા નીકળેલા ત્યારના ખેડૂત સાથેના સંવાદ પ્રમાણે,
અરે, આ પક્ષીઓ ઊભો પાક ખાઈ જાય છે. તારું ધ્યાન છે કે નહિ?
અરે ભાઈ! હજુ તો સૂર્યનારાયણ આવી રહ્યા છે. હમણાં થોડો વખત એમને ખાઈ લેવા દો. પછી ઉડાડીશ. આ ધાન પર તેમનોય અધિકાર છે ને!


વિનોબાજી જેવા પુરુષો આપણી સંસ્કૃતિ અને પરંપરાના વાહક બન્યા છે. હું પણ તેમની જેમ જ પરંપરાઓને જાળવી રહ્યો છું.
અમે પણ જાળવીશું.

**શ્લોક**

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥ 3.21 ॥

**ભાવાનુવાદ :** શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, બીજો મનુષ્ય તે તે જ આચરણ કરે છે. તે જે કંઈ પ્રમાણિત કરે છે (સાચું ઠરાવે છે) લોકો પણ તેને જ અનુસરે છે.

**શબ્દાર્થ :** **यत्-यत्** જે જે **आचरति** કરે છે આચરે છે **श्रेष्ठः** શ્રેષ્ઠ **तत् तत्** તે તે **एव** નિશ્ચિત **इतरः** અન્ય **जनः** મનુષ્ય **सः** તે **यत्** જે કંઈ **प्रमाणम्** પ્રમાણ(પ્રમાણિત) **कुरुते** કરે છે **लोकः** વિશ્વ સમાજ **तत्** તેને **अनुवर्तते** અનુસરે છે

**શ્લોક**

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः॥ 6-29 ॥

**ભાવાનુવાદ :** યોગ દ્વારા ચિત્તને પરમાત્મામાં જોડનારો, સર્વમાં સમદૃષ્ટિવાળો (મનુષ્ય) આત્માને સર્વભૂતોમાં રહેલો તથા સર્વભૂતોને આત્મામાં (રહેલા) જુએ છે.

**શબ્દાર્થ :** **योगयुक्तात्मा** યોગ દ્વારા ચિત્તને પરમાત્મામાં જોડનારો **सर्वत्र** બધે **समदर्शनः** સમદૃષ્ટિવાળો **आत्मानम्** આત્માને (પોતાને) **सर्वभूतस्थम्** સર્વભૂતોમાં રહેલાને (જીવમાત્રમાં રહેલાને) **च** તથા **सर्वभूतानि** સર્વભૂતોને (જીવમાત્રને) **आत्मनि** આત્મામાં (પોતાની અંદર) (રહેલો) **ईक्षते** જુએ છે

**શ્લોક**

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति॥ 6-30 ॥

**ભાવાનુવાદ :** જે (પુરુષ) સર્વભૂતોમાં (પ્રત્યેક જીવમાં) મને (પરમાત્માને) જ જુએ છે તથા સર્વભૂતોને (જીવમાત્રને) મારામાં જુએ છે, તેને હું પરોક્ષ થતો નથી (પ્રત્યક્ષ છું) અને તે મને અદૃશ્ય થતો નથી.

**શબ્દાર્થ :** **यः** જે (પુરુષ) **सर्वत्र** બધે; સર્વભૂતોમાં **माम्** મને (પરમાત્માને) જ **पश्यति** જુએ છે **च** અને **सर्वम्** બધાને; સર્વભૂતોને **मयि** મારામાં **पश्यति** જુએ છે **तस्य** તેને **अहम्** હું **न प्रणश्यामि** પરોક્ષ થતો નથી **च** અને **सः** તે **मे** મને **न प्रणश्यति** અદૃશ્ય થતો નથી

## શ્લોક

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ 06-32 ॥

**ભાવાનુવાદ :** હે અર્જુન! જે યોગી સર્વભૂતોમાં સુખ અથવા દુઃખને પણ પોતાના દૃષ્ટાંતથી સમાન જુએ છે, તે યોગી પરમ શ્રેષ્ઠ મનાયો છે.

**શબ્દાર્થ:** **अर्जुन!** હે અર્જુન! **यः** જે (યોગી) **सर्वत्र** બધે; સર્વભૂતોમાં **सुखम्** સુખને **यदि वा** અથવા **दुःखं वा** દુઃખને પણ **आत्मौपम्येन** પોતાના દૃષ્ટાંતથી **समम्** સમાન **पश्यति** જુએ છે **सः** તે **योगी** યોગી **परमः** પરમ (શ્રેષ્ઠ) **मतः** મનાયો છે

## પ્રવૃત્તિ

1. *વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,*
   *પશુ છે, પક્ષી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!*
   - આ પ્રકારની બીજી કાવ્યપંક્તિઓ શોધો.
2. વરાહાવતાર વિશે માહિતી મેળવો.
3. 'સિંહની દોસ્તી' અને 'જુમો ભિસ્તી' જેવી પશુ સાથેના મનુષ્યના સાહચર્યની કથા મેળવો અને તેનું વાચન કરો.
4. જેમાં પશુઓની, વૃક્ષોની પૂજા થતી હોય તેવા કયા તહેવાર તમારા વિસ્તારમાં ઊજવાય છે? નામ લખો અને તેની ઉજવણીની રીત વર્ગમાં જણાવો.
5. કયા ધાર્મિક-સામાજિક તહેવારોમાં નદી, તળાવ, પર્વતની પૂજા-આરાધના થાય છે? નામ લખો. આપણે પ્લાસ્ટિક જેવી વસ્તુઓ પૂજામાં વાપરવી જોઈએ? કેમ?
6. રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા તમે શું-શું કરશો?
7. તમારા શિક્ષક પાસેથી વિનોબાજીનો વિગતે પરિચય મેળવો.

# 5 સંતુલિત જીવન

P3K4A9

જીવનમાં સંતુલિતતાનું ઘણું મહત્ત્વ છે. આહાર-વિહારમાં કાળજી રાખવી, પોતાનાં કર્મો યોગ્ય રીતે કરવાં, પૂરતા પ્રમાણમાં ઊંઘ લેવી અને જાગવું આ બધું યોગ્ય રીતે કરનારને જ સાચો યોગ સિદ્ધ થાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તન અને મનના સ્વાસ્થ્ય અંગે બોધ આપે છે. આ એકમમાં મહાત્મા બુદ્ધ અને કોસલ દેશના રાજા પ્રસેનજિતના જીવનનો પ્રસંગ નિરૂપાયો છે. રાજા નિશ્ચિંત થતાં આળસુ બને છે અને મેદસ્વી પણ. મેદસ્વિતા બેચેની લાવે છે. મહાત્મા બુદ્ધ તેમને સંતુલિત જીવન જીવવાની શીખ આપે છે અને રાજા પાછા સ્વસ્થ થાય છે. ચાલો, આ શીખ વિષે જાણીએ.


**શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે,**


युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दु:खहा॥ 6.17॥

યોગ્ય આહાર-વિહારવાળાને, કર્મોમાં યોગ્ય ચેષ્ટાવાળાને અને યોગ્ય પ્રમાણમાં ઊંઘનાર તથા જાગનારને (જ) દુ:ખોનો નાશ કરનારો (એ) યોગ (સિદ્ધ) થાય છે.

વર્ષો પહેલાંની વાત છે. ઉત્તર ભારતમાં કોસલ મહાજનપદના વીર રાજા પ્રસેનજિતની ખ્યાતિ બધે ફેલાઈ ચૂકી હતી.




એક દિવસ મહામંત્રી દીર્ઘચારાયણે રાજા પ્રસેનજિતને સમાચાર આપ્યા.
મહારાજ! શ્રાવસ્તીના વિહારમાં મહાત્મા બુદ્ધ પધાર્યા છે.
અરે વાહ! આ તો ધન્યતાની ક્ષણ છે. પાલખી તૈયાર કરાવો. અમે તેમનાં દર્શન કરીશું.
મહાત્મા બુદ્ધ મોટા સંઘમાં પણ શાંતિથી રહી શકે છે, જ્યારે મને તો અંગુલીમાલે કેવો દુઃખી કરી મૂકેલો!
રાજાએ પ્રણામ કરી સ્થાન ગ્રહણ કર્યું. મહાત્મા બુદ્ધે અંગુલીમાલના હૃદયપરિવર્તનની વાત વિસ્તારથી કહી.
રાજા આભાર માની પ્રસન્નચિત્તે વિદાય થયા.


થોડા મહિના પછી......
રાજા પ્રસેનજિતને અસુખ જેવું વર્તાવા લાગ્યું. સ્વસ્થ દેખાતા રાજા બેચેન રહેવા લાગ્યા. રાજકાજમાં મન પરોવવું ભારે થઈ પડ્યું. રાજવૈદ્યે સ્ફૂર્તિ વધારવા, બેચેની ઘટાડવા જાતજાતની ઔષધીઓ આપી, પણ રાજાની સ્થિતિમાં કોઈ સુધારો  જોવા ન મળ્યો. તે કમને રાજકારભાર ચલાવતા.
એક દિવસે...
મહારાજ! નગર પાસેના વિહારમાં મહાત્મા બુદ્ધ પધારી રહ્યા છે.
મહામંત્રીએ તો તાબડતોબ પાલખી તૈયાર કરાવી દીધી. સવારી ઊપડી.
મહાત્મા બુદ્ધ! આપ આટલા મોટા સંઘમાં કેવી રીતે શાંતિથી રહી શકો છો? હું પણ મહાજનપદનો સ્વામી છું. કેટલો બેચેન છું! જાણે કે શરીરમાં ચૈતન્ય જ નથી રહ્યું... મારી સમસ્યાનો ઉપાય કરો પ્રભુ...



રોજ સવારે એક કલાક નાના બાળક સાથે ખેલકૂદમાં વ્યતીત કરવો અને...
જમતી વેળા એક કોળિયો બચાવવો... એટલે કે એક કોળિયો ઓછું જમવું.
આટલું બોલી બુદ્ધ ધ્યાનસ્થ થયા.
રાજા પ્રસેનજિતે બીજા દિવસથી જ બાળક સાથે રમવાનું શરૂ કર્યું, રાજા તો ઘડીકમાં જ થાકી ગયા પણ મહાત્મા બુદ્ધને યાદ કરીને રાજાએ રમવાનું ચાલુ રાખ્યું.
રાજાને હાંફ ચડ્યો, પરસેવો થયો, થાક લાગ્યો; જ્યારે બાળક તો એવું ને એવું જ થનગનતું.
રાજા બાળકની ઊર્જા જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. રાજાએ માંડ માંડ કલાક પૂરો કર્યો.
જમતી વખતે રાજાને એક કોળિયો ઓછો કરવાની ઈચ્છા ન થઈ, પણ મહાત્મા બુદ્ધ પ્રત્યેની શ્રદ્ધાના બળે દરેક વખતે એક કોળિયો ઓછું જમ્યા.
'એક કોળિયો બચાવવો' એટલે કયા કોળિયે અટકવું?


થોડા સમયમાં જ તેમને જણાયું કે હવે બાળક સાથે રમવામાં નથી હાંફ ચડતો કે નથી થાક લાગતો.

રાજા પ્રસેનજિત પોતાની ઈચ્છાઓની ઉપરવટ જઈ મહાત્મા બુદ્ધના સૂચનનું પાલન કરતા રહ્યા.

કેટલાક મહિના પછી બુદ્ધ જ્યારે ફરીથી શ્રાવસ્તી પધાર્યા ત્યારે રાજા પ્રસેનજિત તેમને મળવા પહોંચી ગયા.
સંતુલિત જીવનને લીધે સ્વસ્થ થયેલા રાજાને મહાત્મા બુદ્ધે સ્વસ્થ જીવનના આશિષ આપ્યા.

## શ્લોક

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दु:खहा॥ 6.17॥

**ભાવાનુવાદ :** યોગ્ય આહાર-વિહારવાળાને, કર્મોમાં યોગ્ય ચેષ્ટાવાળાને અને યોગ્ય પ્રમાણમાં ઊંઘનાર તથા જાગનારને (જ) દુ:ખોનો નાશ કરનારો (એ) યોગ (સિદ્ધ) થાય છે.

**શબ્દાર્થ :** **युक्ताहारविहारस्य** યોગ્ય આહાર-વિહારવાળાને **कर्मसु** કર્મોમાં **युक्तचेष्टस्य** યોગ્ય ચેષ્ટાવાળાને (અને) **युक्तस्वप्नावबोधस्य** યોગ્ય પ્રમાણમાં ઊંઘનાર તથા જાગનારને (જ) **दु:खहा** દુ:ખોનો નાશ કરનારો **योग:** (એ) યોગ **भवति** (સિદ્ધ) થાય છે

## શ્લોક

यज्ञशिष्टाशिन: सन्तो मुच्यन्ते सर्वकिल्बिषै:।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्॥ 3.13॥

**ભાવાનુવાદ :** જેઓ પ્રકૃતિને સમર્પણ કરીને કે બીજાને વહેંચીને અન્ન ગ્રહણ કરે છે તેવા શ્રેષ્ઠ લોકો સર્વ પ્રકારના દોષમાંથી મુક્ત થાય છે. પરંતુ જેઓ તેનાથી વિપરીત કેવળ પોતાના માટે રાંધીને એકલા જ જમે છે તેઓ દોષયુક્ત આહાર લે છે.

**શબ્દાર્થ :** **यज्ञशिष्टाशिन:** યજ્ઞમાં વધેલા અન્નને જમનારા **सन्त:** શ્રેષ્ઠ પુરુષો **सर्वकिल्बिषै:** સર્વ પાપોથી **मुच्यन्ते** મુક્ત થાય છે **पचन्ति** રાંધે છે **ते** તેઓ **तु** પરંતુ **ये** જેઓ **पापा:** પાપીઓ **आत्मकारणात्** પોતાને માટે જ **अघम्** પાપને **भुञ्जते** ખાય છે (ભોગવે છે)

## પ્રવૃત્તિ

1. તમે કે તમારા મિત્રોમાંથી કોણ જલદી થાકી જાય છે? તેવું કેમ? તમારા વિજ્ઞાનશિક્ષક પાસેથી જાણો.
2. તમારા નખ અને હોઠનો રંગ કેવો છે? શું વર્ગમાં બધાંના નખ અને હોઠનો રંગ સરખો છે? વિજ્ઞાનશિક્ષક પાસેથી આ બાબતે વિસ્તારથી ચર્ચા કરો.
3. તમારા બધા દાંત અને દાઢ નીરોગી છે કે તેમાં સડો છે? દાંતમાં સડો કેમ થાય? દાતણ કરવાની સાચી રીત કઈ છે? તમે રાત્રે સૂતાં પહેલાં દાતણ કરો છો? આ બધું યથાર્થ લખો.
4. તમે કઈ રમતો રમો છો? તેની યાદી તૈયાર કરો.
5. રોજિંદા જીવનમાં કયો કયો ખોરાક ખાઓ છો તેની યાદી તૈયાર કરો.

# 6 ચાણક્યની અલિપ્તતા

J5A6X9

શ્રીમદ્ભગવદ્ગીતામાં કર્મયોગીનો સુંદર પરિચય આપવામાં આવ્યો છે. જેમણે પોતાની ઇન્દ્રિયો પર સંયમ મેળવ્યો છે, તેમ જ બધા જીવોને આત્મસ્વરૂપે માન્યો છે, એવા નિષ્કામ કર્મયોગી ખરેખર કર્મ કર્યા પછી પણ અલિપ્ત રહી શકે છે. તેમને કોઈ પણ પ્રકારનું દુન્યવી પ્રલોભન વિચલિત કરી શકતું નથી. ચાણક્ય મગધના મહામાત્ય હતા; આમ છતાં તેઓ અત્યંત સાદું જીવન જીવતા હતા. ચાણક્યને ત્યાં ધોળે દિવસે પધારેલા સંત મહાત્મા હોય કે રાતના અંધારામાં ચોરી કરવા આવેલા ચોર હોય, તમામ ચાણક્યની અલિપ્તતા જોઈને પ્રભાવિત થાય છે.

**શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે કે,**


योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते॥ 5.7॥


શરીરને અધીન કરનાર, ઇન્દ્રિયોને જીતનાર, શુદ્ધ અંતઃકરણવાળો તથા સઘળા જીવોને આત્મારૂપ જાણનારો નિષ્કામ કર્મયોગી કર્મ કરતો હોવા છતાં લેપાતો નથી.

ચાણક્ય અથવા કૌટિલ્ય મૌર્યવંશના પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ અને મુખ્ય પ્રધાન હતા. તેમનું મૂળ નામ વિષ્ણુગુપ્ત હતું. ચણકના પુત્ર હોવાથી તેમને 'ચાણક્ય' કહેવામાં આવે છે તથા કુટિલ નીતિના ઉપદેશક હોવાથી તેમને 'કૌટિલ્ય' પણ કહે છે.





તેમણે રાજનીતિવિષયક ગ્રંથ અર્થશાસ્ત્રની રચના કરી છે, જે રાજ્ય કેમ ચલાવવું તેની વિગતો આપે છે. આજે પણ રાજનીતિના સંદર્ભગ્રંથ તરીકે તેમના અર્થશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે.



શિયાળાનો સમય હતો. એક દિવસ ચાણક્યના નિવાસસ્થાને કોઈ મહાત્મા પધાર્યા. ચાણક્યએ મહાત્માને પોતાના ઘરમાં આવકાર્યા.



મહાત્માએ ઘરમાં પ્રવેશતાં જોયું કે ચાણક્યનું ઘર સામાન્ય હતું. એક માટલું, રાંધવાનાં વાસણ, પથારી અને એક દીવા સિવાય બીજું કાંઈ નહીં. ન કોઈ ઠાઠમાઠ કે ન કોઈ નોકરચાકર.
શું અમાત્ય ચાણક્ય પાસે આ જ સંપત્તિ છે? તેઓ મગધ રાજ્યના અમાત્ય છે, પણ એક સામાન્ય માણસની જેમ જીવન વ્યતીત કરી રહ્યા છે!


આચાર્ય ચાણક્યએ મહાત્માને ભોજન ગ્રહણ કરવા વિનંતી કરી. મહાત્માએ ચાણક્યની આ વિનંતી સહર્ષ સ્વીકારી.



ચાણક્યએ મહાત્માને ભોજન પીરસ્યું. ભોજનમાં હતા થોડા ભાત, કઢી અને એક જ શાક.
મૌર્ય સામ્રાજ્યના અમાત્ય અને આવું સાદું ભોજન!
તમે આ મહાન સામ્રાજ્યના ઘડવૈયા અને શક્તિશાળી અમાત્ય છો, છતાં તમે આવું સાદું જીવન કેમ પસંદ કર્યું?
હું લોકોની સેવા કરવા માટે અમાત્ય બન્યો છું. રાજ્યની મિલકતનો ઉપયોગ મારાથી ન કરાય.
ચાણક્ય ખરેખર વિશુદ્ધ ચિત્તવાળા છે. સામાન્ય ઘરમાં નિવાસ, સાદું ભોજન વગેરે દ્વારા મન તથા ઇન્દ્રિયોને વશમાં રાખેલી છે. રાજ્યની સેવામાં તત્પર છે. પોતે રાજપુરુષ હોવા છતાં કોઈ આસક્તિમાં લિપ્ત થયા નથી.


પ્રજાના સાચા સેવક, ઇન્દ્રિયો પર વિજય મેળવનાર એવા અનાસક્ત ચાણક્ય અને તેમના ગુણો વિશે વિચારતાં વિચારતાં મહાત્માએ વિદાય લીધી.
બીજી બાજુ ચાણક્યએ ઠંડીથી પીડાતા લોકો માટે રાજભંડારમાંથી ધાબળા મંગાવ્યા હતા તે લઈને સેવકો આવી પહોંચ્યા. ચાણક્યએ તે ધાબળા પોતાના ઘરના ખૂણામાં મુકાવ્યા.
આની જાણ કેટલાક ચોરને થઈ. સમય વીત્યો ને રાત પડી. પૂનમની એ રાત્રિએ ચોર ધાબળા ચોરવા ચાણક્યના ઘરમાં પ્રવેશ્યા. ચંદ્રના પ્રકાશને લીધે ઘરની અંદર બધી વસ્તુઓ બરાબર દેખાતી હતી.


ચોરે જોયું કે ચાણક્ય પોતાનો જૂનો ધાબળો ઓઢીને સૂતા છે, જ્યારે તેમની બાજુમાં નવા ધાબળાનો ઢગલો પડ્યો છે.
તેમનાથી ન રહેવાયું. હિંમત કરીને તેમણે ચાણક્યને જગાડીને પૂછી જ લીધું.
આમ શા માટે? આટલા બધા નવા ધાબળા બાજુમાં જ હોવા છતાં તમે જૂનો ધાબળો ઓઢીને કેમ સૂતા છો?
આ તો પ્રજાની સંપત્તિ છે. તેથી તે પ્રજા માટે જ છે. મારાથી તે ન લેવાય.
ચાણક્યનો આ ઉત્તર સાંભળીને ચોરી કરવા આવેલા ચોરને પસ્તાવો થયો. તેમણે ચોરી કરવાનું છોડી દીધું અને નીતિના માર્ગે ચાલવા લાગ્યા.

### શ્લોક

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते॥ 5.7॥

**ભાવાનુવાદ :** શરીરને અધીન કરનાર, ઇન્દ્રિયોને જીતનાર, શુદ્ધ અંતઃકરણવાળો તથા સઘળા જીવોને આત્મારૂપ જાણનારો નિષ્કામ કર્મયોગી કર્મ કરતો હોવા છતાં લેપાતો નથી.

**શબ્દાર્થ :** **विजितात्मा** શરીરને અધીન કરનાર **जितेन्द्रियः** ઇન્દ્રિયોને જીતનાર **विशुद्धात्मा** શુદ્ધ અંતઃકરણવાળો **सर्वभूतात्मभूतात्मा** સઘળા જીવોને આત્મારૂપ જાણનારો **योगयुक्तः** નિષ્કામ કર્મયોગી **कुर्वन्** કર્મ કરતો **अपि** છતાં **न लिप्यते** લેપાતો નથી

### શ્લોક

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते॥ 2.48॥

**ભાવાનુવાદ :** હે ધનંજય! આસક્તિને છોડીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન ભાવવાળો થઈને યોગમાં સ્થિર રહી તું કર્મો કર. આવો સમભાવ જ યોગ કહેવાય છે.

**શબ્દાર્થ :** **धनञ्जय** હે ધનંજય! **सङ्गं त्यक्त्वा** આસક્તિને છોડીને **सिद्ध्यसिद्ध्योः** સિદ્ધિ અને અસિદ્ધિમાં **समो भूत्वा** સમાન ભાવવાળો થઈને **योगस्थः** યોગમાં સ્થિર **कर्माणि** કર્મો **कुरु** કર **समत्वम्** સમભાવ **योगः** યોગ **उच्यते** કહેવાય છે

### પ્રવૃત્તિ

1. ભારતીય સંસ્કૃતિની ગુરુ પરંપરા વિશે તમારા શિક્ષક પાસેથી જાણો.
2. દ્રોણાચાર્ય, વિશ્વામિત્ર, વસિષ્ઠ, આદિ શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી રામદાસ કોણ હતા? તેમના વિશે જાણો.
3. તમને કોના જેવા શિષ્ય થવું ગમે? તે વર્ગમાં પ્રસ્તુત કરો.
4. તમે કેટલો સમય આંખ બંધ રાખી શકો? તમે કેટલો સમય એકાગ્રતાપૂર્વક વાંચી શકો? તમે કેટલો સમય સ્થિર બેસી શકો? એ પ્રાયોગિક રીતે કરો.
5. શું તમે ઉપવાસ કરો છો? તમારે જમવાનું ન હોય અને સામે તમારા મિત્રની થાળીમાં ગુલાબજાંબુ કે રસગુલ્લાં કે તમારું પ્રિય ભોજન છે. તમે શું કરશો? તે તમારી શૈલીમાં પ્રસ્તુત કરો.
6. તમારા મનમાં કોના માટે ખરાબ વિચારો આવે છે અને કોના માટે સારા વિચારો આવે છે? એનું વિશ્લેષણ કરો.
7. તમે દિવસમાં કોને કોને સહાય કરો છો? કેટલી વાર? આજે કોને સહાય કરી? તે લખો.

# 7 कर्मण्येवाधिकारस्ते


R8Q5K6

મનુષ્યના નિયંત્રણમાં તો માત્ર કર્મ છે, તેનું ફળ નહીં. આ વાત શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ કરવામાં આવી છે. કર્મનો ત્યાગ કરવાની ઈચ્છા કર્યા વગર, પોતે કરેલી મહેનતના ફળની આશા છોડીને કર્મ કરવું જોઈએ, તે વાત અહીં મધમાખીની વાર્તા દ્વારા સુંદર રીતે નિરૂપવામાં આવી છે. ભલ્લુ રીંછ મધ ખાવાની લાલચે મધમાખીઓની મહેનતની ફળશ્રુતિ સ્વરૂપ મધપૂડાને તોડી નાખે છે. તોપણ તેનાથી વિચલિત થયા વગર મધમાખીઓની રાણી મધ ઉપરનો અધિકાર જતો કરીને ફરીથી પોતાના કર્મમાં એટલે કે મધપૂડો બનાવવાના કામમાં લાગી જવાની સલાહ પોતાની સાથી મધમાખીઓને આપે છે.

**શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે કે,**


कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥ 2.47॥

તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળમાં કદી પણ નહિ. (માટે) તું કર્મોમાં
ફળની ઈચ્છાવાળો ન થા. (તેમ) કર્મ ન કરવામાં (પણ) તારી પ્રીતિ ન થાઓ.





તળાવને કાંઠે ઊંચો અને ઘટાદાર જાંબુડો હતો. જાંબુડાની એક ડાળ પર મધપૂડો હતો.
બધી માખીઓ આખો દિવસ ફરીને ફૂલોમાંથી રસ ભેગો કરી મધપૂડામાં ઠાલવે અને એમ સરસ મજાનું મીઠું મધ તૈયાર કરે.


આ મધપૂડાની એક રાણી હતી. તેનું નામ હતું મધુરિકા. બધી માખીઓ રાણીની સૂચના મુજબ ચાલે.


મધપૂડામાં મધ ભરાઈ ગયું. મધમાખીઓ આ જોઈને હરખથી નાચવા અને ગાવા લાગી.
મીઠાં મીઠાં મધથી છલકે
મધપૂડો આપણો;
જોઈ જોઈ મનડાં મલકે,
મધપૂડો આપણો.


વનમાં ભલ્લુ નામે એક રીંછ એના મિત્ર ચુન્નુ શિયાળ સાથે રહે. ભલ્લુ ભારે મસ્તીખોર અને પોતાનું જ ધાર્યું કરનારો.
એક દિવસ ભલ્લુ રીંછ ચુન્નુ શિયાળ સાથે તળાવકાંઠે પાણી પીવા આવ્યો. પાણી પીતાં પીતાં તેની દૃષ્ટિ મધપૂડા પર પડી.
અરે વાહ... મને તો મધનો ખજાનો મળી ગયો. હ..મ.. મજા પડી ગઈ. ચાલો, થોડું મધ પણ ચાખી લઈએ.



ભલ્લુ મધ ખાવા માટે જાંબુડા તરફ આગળ વધ્યો.
ભલ્લુ, તું ક્યાં જાય છે?
આમ સામે જો. વૃક્ષ પર મોટો મધપૂડો છે અને એય મધથી છલોછલ ભરેલો... ચાલ, આજે તો ઉજાણી કરીએ.
ભલ્લુની આ વાત ચુન્નુને ન ગમી.
ભલ્લુ, કોઈને પૂછ્યા વિના થોડું ખાઈ લેવાય? તું મધ ખાવા માટે રાણીને પૂછી તો લે!
આપણને ગમ્યું તે આપણું. એમાં કોઈને પૂછવાનું થોડું હોય? પૂછે એ બીજા. તારે ન ખાવું હોય તો તારી મરજી, હું તો ખાઈશ જ.
ભલ્લુએ વૃક્ષ પર ચડી પોતાનો પંજો મધપૂડા પર માર્યો. મધપૂડો તૂટ્યો અને મધ પણ નીચે ઢોળાયું.




આ જોઈ મધમાખીઓના ગુસ્સાનો પાર ન રહ્યો. તે રાડારાડ કરતી ભલ્લુ પર તૂટી પડી.





મધમાખીઓએ ભલ્લુ પર ચારે બાજુથી હુમલો કરવાનું ચાલુ રાખ્યું. ભલ્લુની બધી હોશિયારી અલોપ થઈ ગઈ.
અરે... અરે... તમે આ શું કરો છો?
રાણી, આ દુષ્ટ રીંછે આપણા મધપૂડા પર હુમલો કર્યો છે. એની સજા તો એને આપવી જ જોઈએ.
આપણે દિવસ-રાત મહેનત કરીને મધ ભેગું કર્યું છે. એણે આપણી મહેનત લૂંટી લીધી છે.



તમારી વાત તો સાચી છે. આણે આપણો મધભંડાર તોડી નાંખ્યો છે, પણ આપણું મધ એનો ખોરાક પણ છે ને!
મધુરિકા રાણી, આપણી તનતોડ મહેનતનું શું?
આપણે આટલી બધી મહેનત કરી છે. એનું ફળ બીજાં ખાઈ જાય તે કેમ ચાલે?
એમ...! પહેલાં એ તો કહો કે આ મધ કેવી રીતે બનાવ્યું હતું?
ફૂલોના રસમાંથી...
ફૂલોએ રસ કેવી રીતે બનાવ્યો?
એમાં તો પાંદડાંની મહેનત છે. પાંદડાંએ મહેનત કરી ખોરાક બનાવીને રસ ફૂલ સુધી પહોંચાડ્યો.
તો પછી પાંદડાંએ ખોરાક કેવી રીતે બનાવ્યો?
સૂરજના પ્રકાશમાંથી...


હવે મધુરિકા રાણીએ હસતાં હસતાં પૂછ્યું:
જો પાંદડાં કહે કે હું મારો ખોરાક બનાવીશ, પણ રસ ફૂલને નહિ આપું. તો ફૂલ શું કરે? જો ફૂલ કહે કે મારો રસ હું જ પી જઈશ, બીજા કોઈનેય નહિ પીવા દઉં. તો શું આપણે મધ બનાવી શકીએ ખરા?
તો... તો ના જ બનાવી શકીએ ને!
હવે મધુરિકા રાણીએ ભલ્લુ રીંછ સામે જોઈને ઠપકો આપતાં કહ્યું:
જો ભાઈ, તારે પણ અમારી જેમ મહેનત કરવાની. બીજાનું નુકસાન કરીને કંઈક પડાવી લેવું તે યોગ્ય નથી.
ભલ્લુને પણ પોતાની ભૂલ સમજાઈ અને તેણે સૌની માફી માગી.


પછી મધુરિકા રાણીએ સહુને કહ્યું:
મિત્રો! આપણે સહુ એકબીજા સાથે સંકળાયેલાં છીએ. જેમ કે, પાંદડાં ખોરાક બનાવે છે. તે પછી ફૂલ ખીલે છે. ફૂલનો રસ આપણે ચૂસી લાવીએ છીએ ને મધ બનાવીએ છીએ. મધ અન્યનો ખોરાક બને છે કે તેમાંથી દવા બને છે. આમ, અન્યને ઉપયોગી થતા રહેવું એ જ આપણું ધ્યેય. કર્મ કરતા રહેવું એ જ આપણું લક્ષ્ય.


મધુરિકા રાણીએ થોડું મધ પણ ભલ્લુને ખાવા માટે આપ્યું.


પછી બધી મધમાખીઓ ફરીથી પોતપોતાના કામમાં લાગી ગઈ અને થોડા સમયમાં તો ફરીથી આખો મધપૂડો તૈયાર!

## શ્લોક

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥ 2.47॥

**ભાવાનુવાદ :** તારો કર્મ કરવામાં જ અધિકાર છે, ફળમાં કદી પણ નહિ. (માટે) તું કર્મોમાં ફળની ઈચ્છાવાળો ન થા. (તેમ) કર્મ ન કરવામાં (પણ) તારી પ્રીતિ ન થાઓ.

**શબ્દાર્થ :** **ते** તારો **कर्मणि** કર્મ કરવામાં **एव** જ **अधिकारः** અધિકાર (છે) **फलेषु** ફળમાં **कदाचन** કદી પણ **मा** નહિ (માટે) **कर्मफलहेतुः** (તું) કર્મોમાં ફળની ઈચ્છાવાળો **मा भूः** ન થા (તેમ) **अकर्मणि** કર્મ ન કરવામાં (પણ) **ते** તારી **सङ्गः** પ્રીતિ **मा अस्तु** ન થાઓ

## શ્લોક

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः॥ 4.17॥

**ભાવાનુવાદ :** કર્મનું તત્ત્વ પણ જાણવું જોઈએ અને અકર્મનું તત્ત્વ (પણ) જાણવું જોઈએ. તથા ન કરવા યોગ્ય કર્મનું તત્ત્વ (પણ) જાણવું જોઈએ; કેમ કે કર્મની ગતિ (જ્ઞાન) ગહન છે.

**શબ્દાર્થ :** **कर्मणः** કર્મનું તત્ત્વ **अपि** પણ **बोद्धव्यम्** જાણવું જોઈએ **च** અને **अकर्मणः** અકર્મનું તત્ત્વ (પણ) **बोद्धव्यम्** જાણવું જોઈએ **च** તથા **विकर्मणः** ન કરવા યોગ્ય કર્મનું તત્ત્વ (પણ) **बोद्धव्यम्** જાણવું જોઈએ **हि** કેમ કે **कर्मणः** કર્મની **गतिः** ગતિ (જ્ઞાન) **गहना** ગહન છે

## પ્રવૃત્તિ

1. તમે પોતાના વડીલો અને શિક્ષકો દ્વારા સોંપવામાં આવેલાં કયાં કયાં કામ કરો છો? યાદી બનાવો.
2. પોતાને કોઈ લાભ ન થતો હોય, પણ બીજાને સહાય થાય તેવાં કોઈ કામ તમે કરો છો? તમારા મિત્રને આ પ્રશ્નનો જવાબ જણાવો.
3. તમારી આસપાસ પ્રકૃતિનાં એવાં કયાં તત્ત્વો છે જે બીજા માટે મહેનત કરે છે?
4. ભારત દેશની આઝાદીમાં બલિદાન આપનાર અને આ પ્રકૃતિનાં તત્ત્વો વચ્ચે સરખામણી કરો.

# 8 સહનશીલતા

L5Z7E6


શરીરની ઇન્દ્રિયો થકી જ મનુષ્યને ઠંડી-ગરમી વગેરેનો અનુભવ થાય છે. આ અનુભવો કાયમી નથી, કામચલાઉ છે. તેથી ઇન્દ્રિયોના અનુભવોને સહન કરવામાં જ શાણપણ છે તેવું શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે. એક વિદ્યાર્થી દરરોજ છ-સાત માઈલ ચાલીને અભ્યાસ કરવા જાય છે, સંયમ અને એકાગ્રતા માટે ઉપવાસ કરે છે, કાખબલાઈની પીડા સહન કરીને એની પીડાદાયક ચિકિત્સા કરાવવા પણ તૈયાર થઈ જાય છે અને વિદેશમાં પણ કરકસરથી જીવન વિતાવીને, અધ્યયન કરીને પોતાના ધ્યેયમાં સફળ થાય છે. કોણ છે આ સહનશીલ વિદ્યાર્થી? ચાલો, એના વિશે જાણીએ.


**શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેવાયું છે કે,**

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदु:खदा: ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ 2.14 ॥


હે કૌન્તેય! ઠંડી, ગરમી અને બીજા સુખ-દુ:ખ આપનારા પદાર્થો તથા ઇન્દ્રિયોના સંબંધો,
એ તો આવવા-જવાવાળા અને અનિત્ય છે; માટે હે ભારત! તેમને તું સહન કર.




મૂળ વતન કરમસદ. પિતા ખેડૂત.
વલ્લભ મિત્રો સાથે ગામની શાળામાં ભણે અને પિતાને ખેતીકામમાં મદદ પણ કરે.
સમગ્ર કુટુંબ ધાર્મિક વૃત્તિવાળું. માતાપિતાની સાથે બાળક વલ્લભ પણ નાની ઉંમરથી જ એકાદશીના દિવસે ઉપવાસ અચૂક રાખે.
આમ, સંયમ અને સહનશીલતાના ગુણ વલ્લભમાં નાનપણથી જ વિકસેલા.


કરમસદ ગામમાં સાત ધોરણ સુધીની જ શાળા. આગળ ભણવા માટે પેટલાદ જવું પડે. કરમસદથી પેટલાદ છ-સાત માઈલ થાય. વલ્લભ બીજા વિદ્યાર્થીઓ સાથે રોજ એટલું ચાલીને પેટલાદ જતા-આવતા.
પેટલાદ


વલ્લભ પેટલાદમાં ભણીને મૅટ્રિક પાસ થયા.
SCHOOL
હવે તેમણે આગળ ભણીને વકીલ (પ્લીડર) થવાનું નક્કી કર્યું. ડિસ્ટ્રિક્ટ પ્લીડર થવા માટે ઘરે રહી અભ્યાસ કરીને પરીક્ષા આપી શકાય તેમ હતું. તેઓ પોતાના પરિચિત વકીલો પાસેથી કાયદાની ચોપડીઓ માંગી લાવી અભ્યાસ કરવા લાગ્યા.



આ દરમિયાન વલ્લભ તેમના એક મિત્રને ત્યાં વાંચવા માટે બાકરોલ ગામે રહ્યા હતા. ત્યાં તેમને બગલમાં એક ગૂમડું (કાખબલાઈ) થયું. ગૂમડું દિવસે દિવસે વધતું ગયું. અસહ્ય પીડા થાય છતાં સહન કર્યે જાય.
ગામના એક વડીલ આ ગૂમડાનો ઉપચાર કરી શકે તેમ છે.
વલ્લભ એ વડીલની પાસે ગયા...
કાકા, આ બગલમાં ગૂમડું થયું છે. તેનો ઉપચાર કરી આપોને.
અરે બેટા, આ સામાન્ય ગૂમડું નથી. આને કાખબલાઈ કહેવાય. એને બાળવી પડે. પણ એ તારું કામ નહિ.
કેમ? તમે મને ઢીલો-પોચો ન સમજો.
દીકરા, આ લોખંડનો ગરમ સળિયો ત્યાં અડાડવાથી એ બળે અને એ તારાથી સહન નહિ થાય.


લાવો...
એ કામ મારું...
એમ કહીને વલ્લભે ધગધગતો સળિયો ગૂમડાની અંદર ખોસી દીધો અને અંદર ચારેબાજુ ફેરવી બધું પરુ કાઢી નાખ્યું. અસહ્ય પીડા થઈ પણ વલ્લભના મોઢા પર તે જરાય ન વર્તાઈ.
આ જ સહનશીલ બાળકે આગળ જઈ વકીલાતનું શિક્ષણ મેળવીને વકીલની પદવી મેળવી.
વલ્લભભાઈ ગોધરા મુકામે વકીલાત કરવા લાગ્યા. તેમણે વિદેશથી ભણીને આવેલા બૅરિસ્ટરને જોઈને મનોમન ઈંગ્લૅન્ડ જઈ બૅરિસ્ટર બનવાનું નક્કી કર્યું.


થોડા પૈસા ભેગા કરી વલ્લભભાઈ ઇંગ્લૅન્ડ જવા ઊપડ્યા. સાથે તેમણે થોડાં પુસ્તકો પણ લીધાં.
ઇંગ્લૅન્ડનું વાતાવરણ ભારતથી તદ્દન જુદું. ત્યાં પુષ્કળ ઠંડી પડે અને કોઈક વાર બરફ પણ પડે.
બૅરિસ્ટરનું ભણવા માટે બીજાં ઘણાં પુસ્તકોની જરૂર પડે. આ પુસ્તકો તેઓ પુસ્તકાલયમાં જઈને વાંચી આવે.
LIBRARY



વલ્લભભાઈ જ્યાં રહેતા ત્યાંથી લાઈબ્રેરી અગિયાર-બાર માઈલ દૂર હતી. રોજ એટલું ચાલીને સવારે નવ વાગે ત્યાં પહોંચતા.
લાઈબ્રેરી બંધ થાય, બધાં ચાલ્યાં જાય ત્યારે સેવક આવીને કહે:
સાહેબ, હવે બધાં ગયાં. લાઈબ્રેરી બંધ કરવાનો સમય થઈ ગયો છે.
ત્યારે વલ્લભભાઈ ત્યાંથી ઊઠતા. સાંજે ચાલતા જ પોતાના નિવાસસ્થાને જતા. આમ, કડકડતી ઠંડીની વચ્ચે પણ તેઓને રોજનું બાવીસ-ચોવીસ માઈલ ચાલવાનું થતું.
આવી પડકારજનક પરિસ્થિતિમાં એમનું શરીર ઘડાયું અને સમર્થ વ્યક્તિત્વ વિકસ્યું. આ જ વ્યક્તિએ સમય જતાં આ દેશનો સુદૃઢ પાયો ઘડવામાં મુખ્ય ભાગ ભજવ્યો.


આ વલ્લભ એટલે આપણા સરદાર વલ્લભભાઈ પટેલ. આગળ જતાં તેમણે ગાંધીજી સાથે જોડાઈને સત્યાગ્રહ કર્યો અને ભારતને સ્વતંત્રતા અપાવી. તેઓ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન તથા પ્રથમ ગૃહમંત્રી બન્યા. દેશમાં નાનાં-મોટાં અનેક રાજ-રજવાડાં હતાં. એ બધાંને પ્રેમપૂર્વક સમજાવીને ભારતમાં જોડાવા માટે તૈયાર કર્યાં. આમ તેમણે સમગ્ર દેશને એક (Unite) કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેમના ગૌરવના પ્રતીક સમાન એવા સ્ટેચ્યૂ ઑફ યુનિટી દ્વારા આપણે તેમનું આજે પણ સ્મરણ કરીએ છીએ.

### શ્લોક

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत॥ 2.14॥

**ભાવાનુવાદ :** હે કૌન્તેય! ઠંડી, ગરમી અને બીજા સુખ-દુઃખ આપનારા પદાર્થો તથા ઇન્દ્રિયોના સંબંધો, એ તો આવવા-જવાવાળા અને અનિત્ય છે; માટે હે ભારત! તેમને તું સહન કર.

**શબ્દાર્થ :** **कौन्तेय** હે કુંતીના પુત્ર! **मात्रास्पर्शाः** ઇન્દ્રિયોના સંબંધો **शीतः-उष्णः** ઠંડી-ગરમી **सुखदुःखदाः** સુખ-દુઃખ આપનારા **आगमापायिनः** આવનારા અને જનારા **अनित्याः** અનિત્ય; અસ્થિર **तान्** તેમને **तितिक्षस्व** તું સહન કર

### શ્લોક

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ 2.15॥

**ભાવાનુવાદ :** કેમ કે હે પુરુષશ્રેષ્ઠ! દુઃખ-સુખમાં સમાન રહેનાર જે ધીર પુરુષને એ (વિષયોના સંયોગો) વ્યાકુળ કરતા નથી, તે મોક્ષ મેળવવા માટે સમર્થ થાય છે.

**શબ્દાર્થ :** **हि** કેમ કે **पुरुषर्षभ** હે પુરુષશ્રેષ્ઠ! **समदुःखसुखम्** દુઃખ-સુખમાં સમાન રહેનાર **यम्** જે **धीरम्** ધીર **पुरुषम्** પુરુષને **एते** એ (વિષયોના સંયોગો) **न व्यथयन्ति** વ્યાકુળ કરતા નથી **सः** તે **अमृतत्वाय** મોક્ષ મેળવવા માટે **कल्पते** સમર્થ થાય છે

### શ્લોક

सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः॥ 12.14॥

**ભાવાનુવાદ :** નિરંતર સંતોષ પામેલો, મન અને ઇન્દ્રિયો સહિત શરીરને વશ રાખનારો યોગી, દૃઢનિશ્ચયવાળો મારામાં મન, બુદ્ધિ અર્પણ કરનારો જે મારો ભક્ત (છે) તે મને પ્રિય (છે).

**શબ્દાર્થ :** **सततम्** નિરંતર **सन्तुष्टः** સંતોષ પામેલો **यतात्मा** મન અને ઇન્દ્રિયો સહિત શરીરને વશ રાખનારો **योगी** યોગી **दृढनिश्चयः** દૃઢનિશ્ચયવાળો **मयि** મારામાં **अर्पितमनोबुद्धिः** બુદ્ધિ અર્પણ કરનારો **मद्भक्तः** મારો ભક્ત (છે) **सः** તે **मे** મને **प्रियः** પ્રિય (છે)

## પ્રવૃત્તિ

૧. તમને કંઈક વાગે ત્યારે તમે કેવું વર્તન કરો છો? તે લખો.

૨. તમે દિવસમાં કેટલું ચાલો છો અને કેટલું ઝડપથી દોડી શકો છો? તે વર્ગમાં કહો.

૩. તમારે ક્યારેય શારીરિક કષ્ટ સહન કરવાનું બન્યું છે? જો 'હા' તો એક પ્રસંગ લખો.

૪. તમે ક્યારે માંદા પડ્યા છો? તેનું કારણ તમે જાણો છો? આ પ્રશ્નોની ચર્ચા વર્ગખંડના તમારા મિત્ર સાથે કરો.

૫. શું કરીએ તો માંદા ન પડાય? તમારા મિત્ર સાથે આ પ્રશ્ન અંગે ચર્ચા કરો.

૬. સરદાર વલ્લભભાઈ પટેલ જેવી સહનશીલ વ્યક્તિઓની યાદી બનાવો.

૭. તમારા કુટુંબમાં સૌથી વધુ સહનશીલ કોણ છે? શું તમને ડૉક્ટર પાસેથી ઇન્જેકશન લેતી વખતે રડવું આવે છે? આ પ્રશ્નોની ચર્ચા વર્ગખંડના તમારા મિત્ર સાથે કરો.

# 9 મોજીલો કાગડો

Y4P4H8

જીવનમાં સુખની સાથે દુઃખ છે. જયની સાથે પરાજય છે. લાભની સાથે અલાભ છે, છતાં આવા દ્વંદ્વોની સ્થિતિમાં પણ જે એકસમાન ભાવે વર્તે છે, તે જ ખરો મનુષ્ય છે. આ વાત શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કરવામાં આવી છે. શ્રી ગિજુભાઈ બધેકા લિખિત આ રસપ્રદ વાર્તા છે. જેમાં એક કાગડાની વાત છે. ગુસ્સે થયેલા રાજા કાગડાને જુદાં જુદાં કષ્ટ આપે છે. કાગડો દરેક દુઃખમાં સુખ જુએ છે, આનંદમાં જ રહે છે. કંટાળીને રાજા તેને સુખની પરિસ્થિતિમાં મૂકે છે તો ત્યાં પણ પોતાની આનંદની અવસ્થા જાળવી રાખે છે. સુખ-દુઃખમાં સમતા કેળવવાની વાત અહીં સુંદર રીતે આલેખન પામી છે.

**શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહેવાયું છે કે,**

सुखदु:खे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि॥ 2.38॥

સુખ-દુઃખ, લાભ-હાનિ અને જય-પરાજયને સમાન સમજીને પછી યુદ્ધને
માટે તૈયાર થા. એ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહિ.




એક વાર કોઈ કારણથી રાજા કાગડા પર ગુસ્સે થઈ ગયા.
જાઓ, આ કાગડાને ગામના કૂવાને કાંઠે ગારો છે, તેમાં ફેંકી આવો.
કાગડાને રાજાના આદેશ પ્રમાણે ગારામાં ફેંકી દેવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં પડ્યા પડ્યા આનંદથી ગાવા લાગ્યા.
લપસણું કરતાં શીખીએ છીએ, ભાઈ! લપસણું કરતાં શીખીએ છીએ.
લે, આ કાગડો તો કેવો છે! ગારામાં આખા શરીરે કાદવકીચડ ચોંટી જવા છતાં દુઃખી થવાને બદલે ખુશ કેમ થાય છે?
રાજાને તો ક્રોધ ચડ્યો અને બીજો આદેશ કર્યો.
જાઓ, નાખો આ કાગડાને કૂવામાં. ભલે એ પાણીમાં ડૂબીને મરી જાય.


રાજાના માણસોએ કાગડાને ઊંચકીને કૂવામાં ફેંકી દીધો. પણ કાગડાભાઈ તો કૂવામાં પડ્યા પડ્યા ગાવા લાગ્યા:
કૂવામાં તરતાં શીખીએ છીએ, ભાઈ! કૂવામાં તરતાં શીખીએ છીએ.
હવે તો આ કાગડાને આથી વધારે શિક્ષા કરવી જોઈએ.
જાઓ, આ કાગડાને કાંટાથી ભરેલા એક પીંજરામાં નાંખો.
કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી, આનંદથી સૂરમાં ગાવાનું શરૂ કર્યું.
કૂણા કાન વીંધાવીએ છીએ, ભાઈ! કૂણા કાન વીંધાવીએ છીએ.
કંટાળેલા રાજાએ કાગડાને દુ:ખને બદલે સુખ આપવાનું નક્કી કર્યું
જાઓ, આને આંબાની ડાળે ટહુકા કરતી કોયલની બાજુમાં પાંજરે પૂરી મૂકી દો.


કાગડાભાઈને તો તે પણ સવળું પડ્યું. ખુશ થઈને ગાવા લાગ્યાઃ
કુહૂ...કુહૂ...
કોયલના ટહુકા સાંભળીએ છીએ, ભાઈ
કોયલના ટહુકા સાંભળીએ છીએ.
જાઓ, એને
ખીરમાં નવડાવો.
પછી કાગડાને ખીર ભરેલાં વાસણમાં રાખ્યો. કાગડો તો ગાય કે-
મીઠી ખીર ખાઈએ છીએ, ભાઈ!
મીઠી ખીર ખાઈએ છીએ.
રાજાએ કાગડાને દુઃખી કરવા ઘણા
પ્રયાસ કર્યા પણ દુઃખી થાય તે બીજા.
આ કાગડો કોઈ રીતે દુઃખી થાય તેમ લાગતું
નથી. જાઓ, તેને છાપરા પર ફેંકી દો.
છાપરાં પર બેઠાં બેઠાં કાગડાએ તો ગાયું કે-
હવે અમે આઝાદ છીએ, ભાઈ!
હવે અમે આઝાદ છીએ.
જેને દુઃખી ન જ થવું હોય તેને કોઈ
પરાણે દુઃખી કરી શકે નહિ.

### શ્લોક

सुखदु:खे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि॥ 2.38॥

**ભાવાનુવાદ :** સુખ-દુઃખ, લાભ-હાનિ અને જય-પરાજયને સમાન સમજીને પછી યુદ્ધને માટે તૈયાર થા. એ પ્રમાણે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહિ.

**શબ્દાર્થ :** **सुखदु:खे** સુખ-દુઃખને **लाभालाभौ** લાભ-હાનિને (અને) **जयाजयौ** જય-પરાજયને **समे** સમાન **कृत्वा** સમજીને **ततः** પછી **युद्धाय** યુદ્ધને માટે **युज्यस्व** જોડાઈ જા (તૈયાર થા) **एवम्** એ પ્રમાણે (યુદ્ધ કરવાથી તું) **पापम्** પાપને **न अवाप्स्यसि** પામીશ નહિ

### શ્લોક

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ।
समदु:खसुखं धीरं सोऽमृतत्वाय कल्पते॥ 2.15॥

**ભાવાનુવાદ :** કેમ કે, હે પુરુષશ્રેષ્ઠ! દુઃખ-સુખમાં સમાન રહેનાર જે ધીર પુરુષને એ વિષયોના સંયોગો વ્યાકુળ કરતા નથી, તે મોક્ષ મેળવવા માટે સમર્થ થાય છે.

**શબ્દાર્થ :** **हि** કેમ કે **पुरुषर्षभ** હે પુરુષશ્રેષ્ઠ **समदु:खसुखम्** દુઃખ-સુખમાં સમાન રહેનારને **यं** જેને **धीरम्** ધીરને **पुरुषम्** પુરુષને **एते** એ (વિષયોના સંયોગો) **न व्यथयन्ति** વ્યાકુળ કરતા નથી **सः** તે **अमृतत्वाय** મોક્ષ મેળવવા માટે **कल्पते** સમર્થ થાય છે

### શ્લોક

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदु:खेषु समः सङ्गविवर्जितः॥ 12.18॥

**ભાવાનુવાદ :** વળી, જે પુરુષ શત્રુમાં, મિત્રમાં તથા માન અને અપમાનમાં સમાન રહે છે તથા ટાઢ-તડકા અને સુખ-દુઃખાદિ દ્વંદ્વોમાં સમાન રહે છે તથા સર્વત્ર આસક્તિરહિત છે. (તે મને પ્રિય છે)

**શબ્દાર્થ :** **च** વળી (જે પુરુષ) **शत्रौ** શત્રુમાં **च** અને **मित्रे** મિત્રમાં **च** તથા **मानापमानयोः** માન અને અપમાનમાં **समः** સમાન (રહે છે) **तथा** તથા **शीतोष्णसुखदु:खेषु** ટાઢ-તડકા અને સુખ-દુઃખના દ્વંદ્વોમાં **समः** સમાન (રહે છે) (તથા) **सङ्गविवर्जितः** આસક્તિરહિત છે

## પ્રવૃત્તિ

1. જ્યારે તમને ન ગમતી વાત થાય ત્યારે તમે કેવું વર્તન કરો છો? શિક્ષકને કહો.
2. તમારી આજુબાજુથી એવી વ્યક્તિ શોધી કાઢો જેને કોઈ દુઃખ ન હોય.
3. પ્રહ્લાદ અને ધ્રુવને જ્યારે દુઃખ આવ્યું ત્યારે તે પરિસ્થિતિમાં તેમણે કેવું વર્તન કર્યું હતું તે તમારા શિક્ષક પાસેથી જાણો.
4. ઈમામ હુસૈનના કરબલાના મેદાનના પ્રસંગ વિશે જાણો.
5. ઈસુ ખ્રિસ્તના રોટલીવાળા પ્રસંગ વિશે જાણો.
6. કોઈ વિદ્યાર્થીને પથ્થર વાગે અને તે જોર જોરથી રડે તો શું તેનો દુખાવો ઓછો થશે? ચર્ચા કરો.
7. કોઈ વિદ્યાર્થી તમારા વિશે ખોટી કે ખરાબ વાત બીજા વિદ્યાર્થીઓને કહે છે. તમે શું કરશો? એક કરતાં વધુ વિકલ્પો પસંદ કરી શકાય.
   (a) તેની સાથે ઝઘડો કરશો.
   (b) તેને પૂછશો કે તે આવું કેમ કરે છે?
   (c) તેના વિશે બીજા વિદ્યાર્થીઓને ખોટી અને ખરાબ વાત કરશો.
   (d) શિક્ષકને આ વાત કહી તેનો ઉકેલ માગશો.
   (e) તે તરફ ધ્યાન જ નહિ આપો.
   (f) અન્ય તમે જે કરો તે લખો.
8. ગિજુભાઈ બધેકાનો પરિચય તમારા શિક્ષકને પૂછો.

# 10 સ્થિતપ્રજ્ઞ: કોને કહેવાય?

V2N6S5

'શ્રીમદ્ભગવદ્ગીતા'ના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે. જે મનુષ્ય કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની સ્થિરતા ગુમાવતો નથી તે ખરા અર્થમાં સ્થિતપ્રજ્ઞ છે. અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું કે, સ્થિતપ્રજ્ઞ કોને કહેવાય? એ કેવો હોય? કેવી રીતે બોલે? કેવી રીતે ચાલે? તે વિશે મને કહો! પછી શ્રીકૃષ્ણે અર્જુનને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો જણાવ્યાં હતાં. સ્થિતપ્રજ્ઞ એટલે એવો જ્ઞાની મનુષ્ય કે જે મનોરથોમાંથી ઉત્પન્ન થનારી બધા પ્રકારની કામનાઓનો ત્યાગ કરી દે છે. સુખમાં છકી જતો નથી અને દુ:ખમાં ડરી જતો નથી. શુભની પ્રાપ્તિથી એને ન તો હર્ષ થાય છે કે અશુભ કે અવાંછિતની પ્રાપ્તિથી ન તો તેને દ્વેષ થાય છે. આ માટે શ્રીમદ્ભગવદ્ગીતામાં કાચબાનું દૃષ્ટાંત આપ્યું છે. જે રીતે કાચબો પોતાનાં બધાં જ અંગ સંકોરી લે છે, એવી જ રીતે સ્થિતપ્રજ્ઞ દુન્યવી વિષયોમાંથી પોતાનું મન ખેંચી લે છે. ભગવદ્ગીતાનું સ્થિતપ્રજ્ઞ દર્શન વિશ્વકક્ષાએ પોંખાયું છે અને અસંખ્ય લોકો માટે પ્રેરક બન્યું છે. અહીં સ્થિતપ્રજ્ઞ-દર્શનના કેટલાક શ્લોકો આપ્યા છે. એ શ્લોકોનું પઠન-સમૂહગાન કરીએ.

अर्जुन उवाच –

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम्॥ 2.54॥

श्रीभगवानुवाच–

प्रजहाति यदा कामान् सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते॥ 2.55॥

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते॥ 2.56॥

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम्।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ 2.57॥

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ 2.58॥

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते॥ 2.59॥

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः॥ 2.60॥

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ 2.61॥

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति॥ 2.64॥

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते॥ 2.65॥

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम्॥ 2.66॥

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि॥ 2.67॥

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता॥ 2.68॥

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥ 2.69॥

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत्।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥ 2.70॥

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥ 2.71॥

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ 2.72॥

## પ્રવૃત્તિ

- તમે નરસિંહ મહેતાનું વિખ્યાત પદ 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' સાંભળ્યું હશે. એમાં સજ્જનના ગુણોનું વર્ણન છે. એની સાથે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોને સરખાવો.
- મહામાનવોનાં ચરિત્રો પુસ્તકાલયમાંથી મેળવીને વાંચો. તેમાંનાં કેટલાક પ્રસંગોમાં તમને સ્થિતપ્રજ્ઞ-દર્શનના શ્લોકની છાયા જોવા મળે છે? કયા? સમૂહમાં ચર્ચા કરો.
- અર્જુન શ્રીકૃષ્ણ પાસેથી સ્થિતપ્રજ્ઞ મનુષ્યનાં લક્ષણો વિશે જાણવા કેમ ઇચ્છતા હશે? વિચારો અને તમારો તર્ક વર્ગ સમક્ષ રજૂ કરો.
- 'સ્થિતપ્રજ્ઞ' વિશે દસ વાક્યો લખો.
- આ બધા જ શ્લોકનું સમૂહગાન કરો.

: નોંધ :

### ભારતીય સંસ્થાના નામ અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાંથી લીધેલા તેમના ધ્યેય વાક્યો

| સંસ્થાના નામ | ધ્યેય વાક્ય |
| --- | --- |
| Life Insurance Corporation of India | योगक्षेमं वहाम्यहम् |
| Indian Air Force | नभः स्पृशं दीप्तम् |
| Uttar Pradesh Police | परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् |
| Jharkhand Raksha Shakti University | ज्ञानं विज्ञान-सहितम् |
| Amrita Vishwa Vidyapeetham | श्रद्धावान् लभते ज्ञानम् |
| IIT Madras | सिद्धिर्भवति कर्मजा |
| Kurukshetra University | योगस्थः कुरु कर्माणि |
| The Madras Regiment | स्वधर्मे निधनं श्रेयः |
| Gujarat University | योगः कर्मसु कौशलम् |

❝ વ્યક્તિ દરરોજ પાણીમાં સ્નાન કરીને પોતાને શુદ્ધ કરી શકે છે, પરંતુ જો વ્યક્તિ ભગવદ્ગીતાના પવિત્ર ગંગાના પાણીમાં એક વખત પણ સ્નાન કરે છે, તો તેના ભૌતિક જીવનની ગંદકી સંપૂર્ણપણે નાશ પામે છે.

– આદિ શંકરાચાર્ય

❝ ગીતાનો સૌથી વ્યવહારુ ઉપદેશ એ છે કે જેમના માટે જીવન એ સંઘર્ષ છે તેમની ફરજ જ્યારે મજબૂત બનવાની અને હિંમતની માંગ કરે ત્યારે કોઈ પણ નબળી ભાવનાઓને માર્ગ ન આપવો, અને ભયંકર વસ્તુઓનો સામનો કરવો.

– બાલગંગાધર ટિળક

❝ ગીતાના ઉપદેશને મારા પોતાના જીવનમાં સંપૂર્ણ રીતે લાગુ કરવા માટેના ૪૦ વર્ષના અવિરત પ્રયાસો પછી, મેં સંપૂર્ણ નમ્રતાપૂર્વક અનુભવ્યું છે કે સત્ય અને અહિંસાના દરેક આકાર અને સ્વરૂપમાં સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ ત્યાગ અશક્ય છે.

મારું જીવન બાહ્ય દુર્ઘટનાઓથી ભરેલું રહ્યું છે અને જો તેણે મારા પર કોઈ દેખીતી અસર છોડી નથી, તો હું ભગવદ્ગીતાના ઉપદેશને આભારી છું.

– ગાંધીજી

સુનીતા વિલિયમ્સે કહ્યું કે તે ભગવદ્ગીતા અને ઉપનિષદને અવકાશમાં લઈ ગઈ અને તેમાંથી પ્રેરણા મળતી રહી. તેણીએ ઉમેર્યું હતું કે આ પુસ્તકોએ તેણીને તે શું કરી રહી છે અને તે શા માટે કરી રહી છે તે વિશે પ્રબુદ્ધ કરે છે, અને તેમને જીવનનો હેતુ પણ બતાવે છે. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે આ પુસ્તકોમાંથી પ્રેરણા વ્યક્તિને વાસ્તવિકતા સાથે જોડી રાખવામાં મદદ કરે છે.

એક વખત રવીન્દ્રનાથ ટાગોર અમેરિકામાં એક વિશાળ પુસ્તકાલયની મુલાકાતે ગયા ત્યારે તેમણે ત્યાં રખાયેલા સૌથી વધુ કીમતી પુસ્તકો જોવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યાંના અધિકારીઓ તેમની સમક્ષ ઘણાં પુસ્તકો લાવ્યા જે કાળજીપૂર્વક કપડામાં લપેટીને નાજુક રીતે સાચવેલાં હતાં. તેમાંથી ટાગોરનું ધ્યાન ભગવદ્ગીતાની એક દુર્લભ આવૃત્તિ તરફ દોરાયું હતું.



कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥


નિર્માણ | મુદ્રણ

ગુજરાત શૈક્ષણિક સંશોધન
અને તાલીમ પરિષદ
ગાંધીનગર

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર